આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન ૨૫૧-૦૦

વિદેશમાં વાર્ષિક રૂા. **૨૫૧-૦૦** (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧. ફોન : ૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Ma from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧.

★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

અનુક્રમણિકા

અભિનંદનીય સહાય	મા સર્વેશ્વરી	૩
કર્તવ્યપાલન	શ્રી યોગેશ્વરજી	૪
શ્રી યોગેશ્વર કથામૃત	મા સર્વેશ્વરી	૭
કર્પૂરવનમાં સ્નેહયજ્ઞના છેલ્લા છદ્દા દિવસે જે જોયું, જાણ્યું તે માણ્યું	ડો. બી. જે. જાગાણી	૧૧
Speech of Parth at Calgary Shibir	Parth Bhakta	૨૬
કેલગરિ શિબિરમાં શ્રી પાર્થનું વક્તવ્ય	નારાયણ હ. જાની	૩૬
સ્વાર્ગારોહણમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી	રાજુભાઇ જાની	૪૪
'મા'વિના સૂનું 'સ્વર્ગારોહણ'	રાજીવ જાની	૪૬
રસેશ્વરી	શ્રી યોગેશ્વરજી	૫૪

❋ અભિનંદનીય સહાય ❋

વરસોથી વિદેશમાં વસતા વસતા, સમૃદ્ધિનાં શિખરો સર કરતાં કરતાં, દાનની ગંગા વહાવતા વહાવતા, મહર્ષિ અરવિંદના શ્રી ચરણે શ્રદ્ધા ધારતા ધારતા, મા સર્વેશ્વરીના જીવન અને કાર્ય-ને ધ્યાનથી જોતા જોતા ગૃહસ્થભક્ત શ્રી ડી. એમ. બી. આ અંકને આર્થિક સહ-યોગ ધરી સામે ચાલીને સર્વમંગલના સાચા સ્વજન બની રહ્યા છે.

ધન્યવાદ, હે ગૃહસ્થી ભક્ત, આપના શુભ સંકલ્પને, પરિવાર સાથે આપ સર્વ-પ્રકારે મંગલ પામો.

—મા સર્વેશ્વરી

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૫ ઓગસ્ટ—૨૦૦૪ અંક ૧૧

કર્તવ્યપાલન

શ્રી યોગેશ્વરજી

હિમાલયના હિમાચ્છાદિત પર્વતીય પ્રદેશમાં વરસોથી મોટર ડ્રાઇવર તરીકે કામ કરતા એક ગઢવાલી ડ્રાઇવરે વાતવાતમાં મને જણાવ્યું, આ પ્રદેશમાં મોટર ચલાવવાનું કાર્ય કઠિન છે. નાનામોટા એટલા બધા વળાંકો આવે છે કે વાત નહીં. અને રસ્તો પણ કેટલો બધો કપરો છે? એક બાજુએ પર્વત અને બીજી બાજુએ ઊંડી ઊંડી ખીણ, એમાંથી સરી જનારી પુણ્ય-સલિલા સરિતા—ભગવતી ભાગીરથી. જો જરાક પણ ધ્યાન ચૂક્યા તો ખલાસ. અમે તો ખતમ થઇએ જ, પરંતુ સાથે સાથે અન્ય અનેકને ખતમ કરીએ. અમારું મન વાતોમાં ના હોવું જોઇએ. આજુબાજુના કુદરતી સૌન્દર્યયુક્ત દૃશ્યોમાં પણ ના હોવું જોઇએ.

મેં પૂછ્યું, તમને કોઇ વાર કંટાળો નથી આવતો? એમણે ઉત્તર આપ્યો : કંટાળો આવે તોપણ કર્તવ્યપાલનના વિચારથી

એ કંટાળો ચાલ્યો જાય છે. એને અમે ખંખેરી કાઢીએ છીએ.

મધરાતના શાંત સમયે ટ્રેનમાં મોટા ભાગના મુસાફરો સૂતા હોય, કેટલાક ઝોકાં ખાતા હોય, એવે વખતે સતત સાવધાન અથવા જાગ્રત રહીને એન્જિનને ચલાવનારા ડ્રાઈવરનો વિચાર કરો છો? એને આળસ નહીં આવતી હોય? નિદ્રા નહીં સતાવતી હોય? એ જો નિદ્રાધીન બની બેસે તો ટ્રેનને અને એના ઉતારુઓને જોખમમાં મૂકે.

જંગલોમાં અને એકાંત પર્વત પ્રદેશોમાં રાષ્ટ્રની સીમાની સુરક્ષા સારુ સર્વપ્રકારના બાહ્ય સુખોપભોગો, સ્વજનો અને સગવડનાં સાધનોને તિલાંજલિ આપીને અડીખમ રીતે ઊભા રહેતા સૈનિકોનો વિચાર કરો. એ સૌ પોતપોતાના કર્તવ્ય-પાલનનું મહત્ત્વ સમજીને એમાં અભિરુચિ રાખીને એનું અનુષ્ઠાન કરતાં પોતાનો સમય પસાર કરે છે. રાષ્ટ્ર જીવનની સ્વસ્થતા, સુરક્ષા તથા સમુન્નતિને માટે એવી નિષ્ઠા આવશ્યક હોય છે અને આશીર્વાદરૂપ ઠરે છે. એક એક ઈંટ એકઠી મળીને સુવ્યવસ્થિત રીતે સંધાઈને દીવાલના નિર્માણકાર્યમાં સહાયક બને છે, પ્રત્યેક પુષ્પ પોતપોતાના સ્થાનને સંભાળીને મનહર માળાની રચનામાં પોતાનો સહયોગ પ્રદાન કરે છે, એ રીતે પ્રત્યેક વ્યક્તિ જ્યાં છે ત્યાં રહીને, જે પણ કર્મ કરે છે તે સારામાં સારી રીતે સાવધાનીપૂર્વક કરવાનો આગ્રહ રાખીને પોતાની ને બીજાની સેવા કરે છે અને સમાજની સ્વસ્થતા, સુવ્યવસ્થા, સંવાદિતા, શાંતિ અને સમૃદ્ધિમાં ફાળો ધરે છે. પ્રત્યેક વ્યક્તિ યાદ રાખે કે પોતે એકલી નથી, પરંતુ પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ સાથે સંકળાયેલી છે. એમને માટે પોતાનું કર્તવ્ય છે, એ કર્તવ્યનું પાલન અહંતા તથા સ્વાર્થવૃત્તિ-

થી રહિત બનીને કરવામાં જ કલ્યાણ છે. અથવા સાર્થક્ય સમાયેલું છે. તો આપણી આજુબાજુનું ચિત્ર કેટલું બધું બદલાઈ જાય? સંસારમાં સ્વર્ગનું સર્જન થાય. મૃત્યુલોક અમૃતલોક બની જાય.

○

ખૂબ ધીરજ ધારણ કર્યા પછી મજબૂત મને મંથન કર્યા પછી જ માખણ મળે છે. તેમ ધીરજપૂર્વકના સતત પરિશ્રમ પછી જ સિદ્ધિ ને શાંતિ મળે છે.

– યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૩૧૧૦૩૦૪

દીપક સી. મહેતા

❖ કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ ❖

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

તા. ૨૯—૧૦—૮૧ ગુરુવાર, કારતક સુદ ભાઈબીજ,
૨૦૩૮ ટોરન્ટો—કેનેડા.

સર્વેશ્વરી આજે ૧૨૫ માળા પૂરી કરી રોજના પાઠનો નિયમ પૂર્ણ કરી પૂ. શ્રી માટે દૂધ લાવે છે. પૂ. શ્રીનો બધો જ ક્રમ પૂરો થઈ રહ્યો છે. દૂધ લીધું, લેખન થયું.

આજે ભાખરી શાકનું ભોજન લીધું. ભોજનબાદ ખૂબ ખૂબ ના કહેવા છતાં પૂ. શ્રીએ વાસણ સાફ કરવામાં મદદ કરી.

ભોજનબાદ આરામ, થોડું લેખન થયું. સાંજે થોડું દૂધ લીધું. ધ્યાનનો કાર્યક્રમ થયો.

સાંજે વિમળાબેન, સુરેશભાઈ વગેરે આવ્યાં. પૂ. શ્રી સાથે થોડી વાતો કરી. આજે ગુરુવાર હોવાથી સાંજે ખજૂર વગેરે લીધું. સમય થતાં કાર્યક્રમ માટે નીચે જવાનું બન્યું. તે પહેલાં શ્રી સુરેશભાઈ પરીખ ટિકિટ લઈને આવી ગયા છે. એઓ પોતે જ એજન્ટનું કામ કરે છે. ૧૧૫ ડોલર ટોરન્ટોથી ન્યૂયોર્ક એક ટિકિટના થાય. ૨૩૦ ડોલર બે ટિકિટના શ્રી સુરેશભાઈએ પૂ. શ્રીને ખૂબ નમ્રભાવે વિનંતી કરીને ન લીધા.

પૂ. શ્રીએ કહ્યું, "એક ટિકિટના તો લો," તો તે ભાઈ કહેવા લાગ્યા, "પ્રભુ, મારે તો તમે માબાપ છો, મારા માબાપ આવે તો અમે ખર્ચ કરીએ કે નહીં? માબાપથી પણ આપ તો મારે મન મહાન છો. મને આટલી સેવા તો કરવા દો. ના,

મારે આપની પાસેથી કંઈ પણ લેવું નથી."

ખૂબ આગ્રહ કર્યો છતાં તે ભાઈએ પૂ. શ્રીની આ રીતે સેવા કરી. ટિકિટ મંગાવવી તો પડે જ, પણ તે મંગાવતા પહેલાં જ પૂ. શ્રીએ ખૂબ સ્પષ્ટ રીતે જણાવેલું કે ટિકિટના પૈસા અમે જ આપીશું, પણ ભાવિક ભક્તોના હૃદયમાં ઈશ્વરની યોજના ને ઇચ્છા જુદી જ રીતે કાર્ય કરી રહી હોય, તેની શી રીતે ખબર પડે?

ધન્ય છે સુરેશભાઈ પરીખને, જેમણે પ્રથમ પરિચયે જ પૂ. શ્રીને પ્રભુ તરીકે સ્વીકારી લીધા. જેટલી થાય તેટલી ને તેવી સેવા પણ કરવાની તક ઝડપી લીધી. વિદેશમાં વસીને સંત-સેવાની ભાવના જોઈને આનંદ થાય છે.

સુરેશભાઈ શાહ જે અમારા મુખ્ય યજમાન છે, એમની પણ ખાસ વિનંતિ હતી કે ટિકિટ કઢાવવાની સેવા એમને મળે, પણ ઈશ્વરની ઇચ્છાની વાત છે. એ પ્રકારની સંતોની સેવા સુરેશભાઈ પરીખને ફાળે લખાયેલી હોય, તો તે પુણ્ય કોણ લઈ શકે એમ છે?

આજે ફરીથી મૂવી ફિલ્મ જોવાનો કાર્યક્રમ હતો. આજે તે ૧ કલાક જોવાનું બન્યું. ત્યારબાદ પ્રશ્નોત્તરી થોડી થઈ. આજે રેડીયો ઉપર કાર્યક્રમ આપનાર શ્રી વિરેન્દ્રભાઈ અડીયા આવ્યા હતા, તેમણે જ પૂ. શ્રીને પ્રશ્ન પૂછ્યાઃ—

અડગ શ્રદ્ધા કેવી રીતે આવે?

પૂ. શ્રીઃ—પ્રભુ જે કરે તે કલ્યાણ માટે જ છે, એવી શ્રદ્ધા પ્રસંગોપરથી પણ આવે, સીતાને અડગ શ્રદ્ધા કે રામ મારી પાસે જ છે. પછી કોઈ એને ચલાયમાન ન કરી શકે. આપણા જીવન-ના નાના નાના પ્રસંગો જેમાં પ્રભુની કૃપા છે તે જોયા કરીએ,

તો તેની કરુણા, દયા દેખાય. જેથી ધીમે ધીમે શ્રદ્ધા આવે. દરેકના જીવનમાં નાનીમોટી કૃપાના પ્રસંગો બન્યા જ કરે છે, પણ તેને માણસ યાદ રાખતો નથી. જોતાં શીખતો નથી.

પૂ. શ્રીએ માતાજીના અસ્થિવિસર્જન સમયે ભાવનગરમાં દરિયાકિનારે બનેલો પ્રસંગ અને અસ્થિવિસર્જનની યાત્રામાં વડોદરાની જશભાઈની ગાડી કેવી રીતે મળી, તે બંને પ્રસંગો પૂ. શ્રીએ કહી બતાવ્યા.

કાર્યક્રમ પૂર્ણ થતાં સૌ વિદાય થયા. પૂ. શ્રીએ દૂધ લીધું. દૂધ લેતાં લેતાં ગુજરાતમાં શ્રી સુતરીયા દોહાઓ ગાય છે તેની વાતો કરી. વળી મોરબીના ભાવિક ભાઈબેનોની વાતો થઈ. ત્યાબાદ આરામ. હરિઃ ૐ

તા. ૩૦–૧૦–૮૧ શુક્રવાર, કારતક સુદ ત્રીજ,
૨૦૩૮ ટોરન્ટો–કેનેડા.

સૌથી વધુ રોકાણ પરદેશની ધરતી ઉપર આ સ્થળેજ થઈ રહ્યું છે. વચ્ચે વચ્ચે બીજા શહેરોમાં જવાનું બને છે. રામાયણ લેખનનો પૂ. શ્રીનો ક્રમ પણ નિયમિત ચાલી રહ્યો છે તો ડાયરીના લેખનનો સર્વેશ્વરીનો ક્રમ પણ ચાલી રહ્યો છે.

ખાસ કોઈ પ્રકારની વિશેષ પ્રવૃત્તિ વિના દિવસો રોજિંદા-ક્રમ મુજબ ચાલ્યા કરે છે. સમયસર ભોજન લેવાનું બને છે. ભોજનબાદ થોડો આરામ કરી, ફરી લેખનકાર્ય ચાલુ થઈ જાય છે. લેખનબાદ મસ્ત બનીને પૂ. શ્રી ધૂન ગાતા ગાતા ઓરડામાં નૃત્ય કરવા માંડે છે. છ વાગ્યા પછી પૂ. શ્રી નીચે ઉતરે છે. બેઠકરૂમમાં ઝડપથી આંટા મારે છે. એટલામાં યજમાન પરિવારનો યુવાનપુત્ર વિકાસ આવે છે. પૂ. શ્રી તેને વ્યાયામ

બતાવે છે. તેને પૂ. શ્રી મધ ને લીંબુનું ગરમ પાણી સવારે પીવાની સૂચના આપે છે.

એ વાત ઉપરથી હોસ્પીટલમાં પૂ. શ્રીને લીંબુમધનું પાણી આપતાં, એ વાત સર્વેશ્વરી કરે છે, જેથી માંદગીમાં સૌની સેવાની વાત કરી. વળી માતાજીની માદગીની વાત પણ શરૂ થઈ.

એક કલાક પછી પૂ. શ્રી ફરી ઉપર આવે છે. પૂ. શ્રી આજે બટાકાવડા થોડા લે છે. હળવા અલ્પાહાર પછી ફરી પૂ. શ્રી નીચે આવે છે. તે દરમ્યાન ત્યાં નિયમિત આવનાર બે ભાઈઓ દીપકભાઈ, સુરેશભાઈ પરીખને ''કળીમાંથી ફૂલ'' પુસ્તકમાંથી છેલ્લો પ્રસંગ ભવિષ્યકથન વાંચવા આપ્યું હતું, તે વાંચી લે છે.

પૂ. શ્રી નીચે આવે છે ૧૨, ૧૩ ભાઈબેનો આવ્યાં છે. એક વૃદ્ધબેનને પૂ. શ્રી ભજન ગાવાનું કહે છે, પછી પેલો પ્રસંગ ફરી વાંચવાનું કહે છે. તે પહેલાં સંતોના દર્શન, સત્સંગ વિશે પૂ. શ્રી થોડી વાતો કરે છે. યોગીની યોગદત્ત પ્રસંગ પણ પૂ. શ્રી વંચાવે છે. ત્યારપછી સર્વેશ્વરી આંણંદીમાં સંતજ્ઞાનેશ્વર-ના સ્થાનમાં પ્રાર્થના સંભળાય છે તે પ્રસંગ કહે છે.

ત્યારબાદ પૂ. શ્રીએ બે ભજનો ધૂન ગવડાવ્યાં પછી આરામ, હરિઃ ૐ (ક્રમશઃ)

○

કર્પૂરવનમાં સ્નેહયજ્ઞના છેલ્લા

છઠ્ઠા દિવસે જે જોયું, જાણ્યું તે માણ્યું.

ડો. બી. જે. જાગાણી

સ્નેહયજ્ઞનો આ છેલ્લો દિવસ છે. પૂ. માના પ્રેમથી સૌ સ્નેહનીતરતાં બાળ બન્યાં છે. પોતે સ્નેહથી છલોછલ થયા પછી અન્યોને સ્નેહ પીરસવાનો પ્રથમ દિવસ જિંદગીમાં હવે શરૂ થશે. શ્રીકૃષ્ણ ભગવાનના સમયમાં શ્રીકૃષ્ણ ભગવાન અને ગોપીકાઓ કે ગોપબાળો વચ્ચે થયેલી પ્રેમની વહેંચણી અને તે પછી થયેલી અનુભૂતિઓનું વર્ણન આપણે વાંચ્યું છે, પણ અનુભવ માણ્યો નથી. એ અનુભવના વર્ણનનો અનુભવ, આ સ્નેહયજ્ઞમાં સૌ કોઈને મળ્યો છે. એવી કોઇ વ્યક્તિ કે બાળક આ સ્નેહયજ્ઞમાં સહભાગી નહોતા થયા કે જેને પૂ. મા વ્યક્તિગત રીતે ઓળખતાં ન હોય, કે તેનું નામ, ઠેકાણું, કે પરિચય ન હોય. પ્રત્યેકનું નામ લઇને સ્નેહ વરસાવેલો છે. સ્નેહનાં છાંટણાં સાધક પર પડે છે ત્યારે તેને માધ્યમની જરૂર હોય છે. આ માધ્યમ કંઇક ભેટનું છે, તો વળી કંઇક પુરસ્કારનું છે, પ્રસાદનું છે, સ્મૃતિનું છે, શિષ્યવૃત્તિનું છે, દક્ષિણાનું છે, ભોજનનું છે, પુસ્તકનું છે, કીટનું છે. આવા આવા અનેક માધ્યમદ્વારા પૂ. મા સૌ પર વરસ્યાં છે, સૌના હૃદયમાં વસ્યાં છે અને ચિરંતન સ્નેહની ઝંખનામાં સૌ કંઇ ને કંઇ કરવા માટે કટિબદ્ધ થયા છે. એટલે જ તો ભારતમાં કે વિદેશમાં વસતા સાધકોએ આ આખુંય વર્ષ (સંનિધિ પર્વનિમિત્તે) કંઇ ને કંઇ વિશેષ સાધના કરી છે.

તા. ૨૮–૧૨–૨૦૦૩ ના રોજ વહેલી સવારે સૌ સાધક ભાઇબહેનો શ્રી વામનમામાના ઘેર દરરોજની જેમ પૂ. મા–પ્રભુનાં સ્વરૂપોના દર્શન કરવા ને શ્રી ગંગામામીના હસ્તે પ્રસાદ લેવા કતારબંધ ગોઠવાઇ જાય છે. ઠંડી ખૂબ છે પણ સૌ તેના પર લક્ષ આપવાને બદલે સ્નેહયજ્ઞને માણવા તરફ જ લક્ષ્ય આપે છે.

દરરોજની માફક શ્રી અજયભાઇ કલોલા શંખનાદ કરે છે ને શ્રી દમયંતીબેનનું ગાયક વૃંદ 'કર્પૂરવનનું મહિમા ગીત' ગાય છે. પ્રભાતની બેઠકનો પ્રારંભ રેલી સ્વરૂપે ગુરુબાવની ગાતાં ગાતાં થાય છે. સૌ સ્નેહયજ્ઞના સ્થાનમાં આવે છે. પૂ. મા પધારે છે. પૂ. માની આરતી કરતાં કરતાં યજમાન પરિવાર આવે છે. સમૂહમાં પ્રણામ થાય છે. દરરોજની માફક ઠંડી ઉડાડવાનો કાર્યક્રમ તો ખરો જ. પૂ. મા સ્ટેજ પર જ શરીરને સ્વસ્થ રાખનારી હળવી કસરતો બતાવે છે. એ દૃશ્યનું વર્ણન અહીં થઇ શકે નહીં. એ માટે તો આ કાર્યક્રમની સી. ડી. જ જોવી પડે. પ્રણામ પૂર્ણ થાય છે. પૂ. મા ખૂબ પ્રસન્ન છે.

ડો. શ્રી લક્ષ્મેશભાઇ જોશી તથા શ્રીમતી મીનાક્ષીબેનને સંસ્કૃતમાં ગોપીગીત ગાવાનું પૂ. મા કહે છે. આ દંપત્તિ દરરોજ પોતાના ઘેર સંસ્કૃતમાં ગોપીગીત ગાય છે. શ્રી જોશી સાહેબ ગોપીગીતની સમજ આપે છે. ભગવાન શ્રીકૃષ્ણ અને ગોપીઓ વચ્ચે દિવ્ય પ્રેમની થયેલી લ્હાણીનું વર્ણન ખૂબ રોચક, કર્ણપ્રિય ને પથપ્રદર્શન કરનારું હતું. આ વર્ણન સાંભળ્યા પછીથી ગોપીગીત અંગે આખી સમજ જ બદલાઇ જાય છે. પૂ. માની યોજના પણ કેવી અદ્‌ભુત છે! આગલા દિવસોમાં ગોપીગીતની કેસેટનું વિમોચન કરાવ્યું અને તેના ગાનસાથે પ્રણામ કર્યા.

આજે તેની વિશદ સમજ નિષ્ણાતદ્વારા અપાવી. પૂ. માને તો મૌન છે, પણ શું એવું નથી લાગતું કે સૌના મુખમાં વાણીનો સ્ફોટ પણ પૂ. માની શક્તિથી જ થાય છે! વિદ્વાનોની વિદ્વત્તા ને નિષ્ણાતોની તજ્જ્ઞતા પણ પૂ. માની ઉપસ્થિતિમાં પ્રવાહિત થઈને સૌ ઇચ્છુકોના ચિત્તમાં પ્રવેશ કરે છે. આ પણ એક સૂક્ષ્મ પરિવર્તન છે, જે ચિરંતન થઈને રહે છે. પૂ. મા પણ વિદ્વાન સાધકનું સન્માન પણ અનોખી રીતે કરે છે. શાલ–સાડી, પુરસ્કાર ને પ્રસાદ યજમાન પરિવારદ્વારા અપાય છે. સૌ પ્રસન્ન થાય છે.

ત્યારબાદ પૂ. મા સ્લેટ પર લખે છે, "આ મંડપમાં સૌથી નાનામાં નાનો બ્રાહ્મણપુત્ર બેઠો છે. તે હવે કૃપા કરીને ઊભો થાય. સૌથી નાનામાં નાનો બટુક છે. એને ફક્ત ૮૫ વર્ષ થયાં છે. તમને થશે કે આ બટુકનું વળી શું કામ પડ્યું? પણ આ બટુક આપણા કરતાં ખૂબ રમે છે. ને સતત રમે છે. કદી રમતમાં થાકતા નથી ને કદી હારતા પણ નથી. ૮૫ વર્ષે નોટ–આઉટ છે. 'અધ્યાત્મ' નામનું રમકડું એમના સંતમિત્ર (પૂ. યોગેશ્વરજી)ના ઘરમાંથી ચોરીને લઇ આવ્યા તે દિવસના રમે છે એટલે વિદેશના બાળકોને માએ ફોન કર્યા. તમે ઇંગ્લાંડથી, પનામાથી, કેનેડાથી જે જે સારાં રમકડાં મળે તે તે અમારા બટુક (શ્રી નારાયણભાઇ જાની) માટે લેતા આવો. તો તેમણે આ રમકડાનું પાર્સલ મોકલ્યું છે. પણ હે બટુક જો જો મંડપમાં ખોલીને રમવા ના બેસી જતા. નહિતર ઘરે જતાં તો તોડી નાંખશો. એટલે એ રમકડાને છાનામાના પેટીમાં મૂકી દેજો. ઘેર જઇને રમજો, ભાંગજો, તોડજો ને રમતાં રમતાં પ્રભુ સાથે પ્રીત જોડજો." પૂ. માની આ લાક્ષણિક વાત સહુને આશ્ચર્યમાં

મૂકી દે છે. શ્રી નારાયણભાઇ જાની ઉભા થાય છે ત્યારે સૌ ખૂબ પ્રસન્ન થાય છે. તેઓ પ્રતિભાવ આપતા કહે છે કે, 'પૂ. મા બહુ ભારે લીલા કરે છે. છેલ્લી ઘડીસુધી સસ્પેન્સ રાખે છે. આજે અમારા જીવનનો ધન્ય દિવસ છે. જે વ્યક્તિ(પૂ. શ્રી)એ મને આ કામની (અધ્યાત્મ માસિકના તંત્રીની) પ્રેરણા આપી. તે હાજર હોત તો ધન્યતાનો પાર ના રહ્યો હોત. ૨૪ વર્ષસુધી પૂ. શ્રીનું કામ કરવાની પ્રેરણા પૂરી પાડી અને આજે પણ પાડે છે. પૂ. શ્રી સૂક્ષ્મ સ્વરૂપે અહીં હાજર હશે તો એમને થતું હશે કે પરિશ્રમનું ફળ ભગવાન કેવું આપે છે. અમને પૂ. શ્રીએ કહેલું કે તમારે જીવ અને જીભનું કામ કરવાનું છે. અધ્યાત્મનું કામ થાય છે તે એની જ કૃપા છે. મારી શક્તિ કેટલી? ઘણાં સંતો થયા છે પણ પૂ. યોગેશ્વરજીની બરોબરી કરી શકે એવા કેટલા? મહાત્મા યોગેશ્વરજીને અમે ગુરુ માનતા હતા પણ તેઓ ભગવાન છે, એવું કહેનાર અને પ્રતીતિ કરાવનાર કોઇ હોય તો તે પૂ. મા છે. પૂ. માએ અહીં સ્નેહયજ્ઞ કર્યો છે તેવો યજ્ઞ ક્યાંય જોવા ન મળે. પ્રા. તરલાબેને પૂ. માના ૩૦ ગુણો વર્ણવ્યા છે. આ ૩૦ ગુણોનું સાકાર સ્વરૂપ પૂ. મા છે. પૂ. મા દૃષ્ટિમાત્રથી જીવોને મુક્તિ આપી શકે છે. પૂ. મા શાસ્ત્રની વાતો નથી કરતાં પણ આચરણથી જ બધું બતાવી દે છે. પૂ. માનો ભાવ (પ્રેમ) ખૂબ સ્પર્શ કરી જાય છે. ૮૫ વર્ષની ઉંમરે હું ટટ્ટાર ચાલું છું તેનું કારણ પૂ. માએ બતાવેલ પ્રણામ છે. સવારે ૧૬૦ પ્રણામ કરું છું અને સાંજે ૮૦ પ્રણામ કરું છું. આ પ્રણામની શક્તિ પૂ. માએ આપી છે. જીવનમાં સારું છે તેનો સ્વીકાર કરો. યજમાન પરિવારના શ્રી જગદીપભાઇ–શ્રીમતી નયનાબેનનો ખૂબ ખૂબ આભાર.'

પૂ. મા એક પેકેટ તથા ફૂલહાર શ્રી નારાયણભાઇ જાનીને અર્પણ કરે છે. અને અધ્યાત્મ માસિકની શરૂઆત (ઓક્ટોબર–૧૯૭૯) થઇ ત્યારથી અત્યાર સુધીમાં કેવી કેવી કામગીરી કરી અને મા–પ્રભુની સૂક્ષ્મ ને સ્થૂળ મદદ કેવી રીતે મળતી રહી તેનું વર્ણન શ્રી નારાયણભાઇ કરે છે. સરકારી નોકરીમાંથી ૨૬ વર્ષ પહેલાં નિવૃત્ત થયા અને 'અધ્યાત્મ' માસિકની કામગીરીમાં જોડાઇ ગયા. નિવૃત્તિ પછીનો નિષ્કામ કર્મયોગ કેટલો પ્રગાઢ અને ઉપયોગી થયો તેનું વર્ણન ઘણું રોચક હતું. ઉંમર ભલે ૮૫ વર્ષની હતી પણ મન તો નાનકડા બાળક જેવું જ સરળ. આ બધું પૂ. મા–પ્રભુની કૃપાનું જ પરિણામ છે એવું કહેતા શ્રી નારાયણભાઇ ભાવવિભોર થઇને પૂ. માના ચરણોમાં પ્રણામ કરે છે.

ત્યારબાદ સવારનો નાસ્તો સૌ લે છે. પૂ. મા સભામંડપમાં જ છે. પૂ. મા સ્લેટપર લખે છે, 'માને ભૂદેવોનું એક કામ છે, વડીલ ભાઇબેનો અને બાળકો મંડપમાં બેસે.' બધાને પૂ. મા રેશમી વસ્ત્ર, જનોઇ આપે છે અને બહેનોને તીલક કરી દક્ષિણાનું કવર આપે છે. ચિ. દિશા દેશભક્તિનું ગીત ગાય છે. પૂ. મા તેને પ્રસાદીમાં પુષ્પનો હાર પહેરાવે છે. નિશા, તેજલ અને પાર્થ 'સબસે ઊંચી પ્રેમ સગાઇ' પદ રજૂ કરે છે. રાજકોટથી આવેલ શ્રી સંજયભાઇ પંડ્યા સ્નેહયજ્ઞનો પ્રતિભાવ આપે છે ને પૂ. માના ગુણાનુવાદ ગાય છે. મુંબઇથી આવેલ પૂજા ત્રિવેદી સ્નેહયજ્ઞનો પ્રતિભાવ આપે છે અને પૂ. માએ તેમના જીવનમાં કેવા કેવા સદ્‌ગુણોનું સિંચન કરી જીવન પુષ્પ ખીલવ્યું તેનું ભાવવાહી વર્ણન કરે છે. ગુલાબબેન પણ પૂ. મા પ્રત્યે સ્નેહયજ્ઞનો પ્રતિભાવ ભાષાદ્વારા આપતાં કહે છે કે 'પૂ.

શ્રી લખી ગયા છે કે પૂ. માના દેહમાં પરમશક્તિ બિરાજમાન છે. અમને ગૌરવ છે કે અમારા ભક્ત સમાજના આ પરિવારમાં આ પરમશક્તિનું અવતરણ થયું. પૂ. મા એ પ્રભુના તપનું ફળ છે. આપણે ભાગ્યશાળી છીએ કે આ પરમશક્તિ આપણી વચ્ચે છે. એટલે આપણા ભાવો એની આગળ પ્રગટ કરી શકીએ છીએ. સંનિધિપર્વનું આયોજન કરીને કેટલાય જીવોની પ્યાસ બૂઝાવી માટે શ્રીમતી નયનાબેન અને શ્રી જગદીપભાઇને ધન્યવાદ.' પૂ. મા ગુલાબબેનને ફૂલનો હાર આપીને આશીર્વાદ આપે છે. પૂ. માના બાળજીવન આધારિત લોસએંજલસના બાળકો એક નાટક રજૂ કરે છે. બપોરના ભોજનનો સમય થઇ જાય છે એટલે સાધકો ભોજનશાળામાં ભોજન માટે જાય છે.

પૂ. મા અને થોડા સાધક ભાઇબહેનો બપોરે ૧.૪૫ કલાકે વ્યારામાં શ્રી સી. એન. કોઠારી હોમિયોપેથિક મેડિકલ રીસર્ચ સેન્ટર અને શ્રી કાળિદાસ હોમિયોપેથિક હોસ્પિટલના ઉદ્‌ઘાટન સમારોહમાં પધારે છે. આ હોસ્પિટલની ભવ્ય ઇમારત છે. આ હોસ્પિટલના બાંધકામ માટે પૂ. માના પરિવારદ્વારા ઉદાર હાથે દાન આપવામાં આવ્યું હતું અને પૂ. માના પિતાશ્રી 'કાલીદાસભાઇ'ની સ્મૃતિમાં સતત સેવાયજ્ઞ થતો રહે તેવી ભાવના છે. સ્વ. મિનાક્ષીબેનની સ્મૃતિમાં પણ અહીં દાન અપાયું છે. આ સમારંભમાં પૂ. માને સ્મૃતિરૂપે શાલ અર્પણ કરવાની ઘોષણા થાય છે તો પૂ. મા તરત જ સ્લેટપર લખે છે કે 'આ સંસ્થાના જૂનામાં જૂના કર્મચારી વ્યક્તિ પટાવાળાને બોલાવવા વિનંતી છે.' તેમને પૂ. મા શાલ અર્પણ કરી દે છે.

પ્રારંભમાં આ હોમિયોપેથિક હોસ્પીટલને પૂ. માના પિતાશ્રી

કાલીદાસ ભૂલાભાઇ ભક્તનું નામ આપવામાં આવ્યું છે. હોસ્પીટલના પ્રવેશભાગમાં પૂ. માના માતાજી શ્રી ભીખીબા તેમ જ પિતાજી શ્રી કાલીદાસભાઇની મોટા સ્વરૂપોની અનાવરણવિધિ પણ પૂ. માના હાથે કરાવવામાં આવી. પોતાની આધ્યાત્મિક પ્રગતિમાં સદાય સહાયરૂપ થનાર માતાપિતાના સ્વરૂપોની અનાવરણ વિધિ એજ પરિવારની એક સંતસ્વરૂપ બનેલી દીકરીના હાથે થાય–તે વડીલો માટે કેવું ગૌરવપ્રદ ગણાય. પૂ. માને પણ તેથી ખરે જ ખૂબ આનંદ થયો.

આ સમારંભમાં પૂ. માના પરિવારના અગિયાર સભ્યો હાજર હતા તો પૂ. માએ તે બધાની ઉપસ્થિતિના ઉપલક્ષ્યમાં આ હોસ્પીટલને બીજું રૂા. ૧૧ લાખનું દાન જાહેર કર્યું. આ પરિવાર એવો છે જે સમાજ માટે હંમેશા લે તેના કરતાંય વિશેષ આપવામાં માને છે. બપોર પછી ૪.૦૦ કલાકે સૌ કર્પૂરવનમાં પાછાં આવે છે.

શ્રી રાજુભાઇ ભાવસાર વક્તવ્ય આપે છે ત્યારબાદ સત્યપથથી સ્વર્ગારોહણની પદયાત્રાની વિડિયો કેસેટ બતાવાય છે. શ્રી સુરેશભાઇ શાહ પણ વક્તવ્ય આપે છે. શ્રી યોગેશભાઇ લાડે બનાવેલ કાર્ડ નાની બાળા ઉમાના હસ્તે પૂ. માને અર્પણ થાય છે. ટોરન્ટો ધ્યાનકેન્દ્ર તરફથી ભેટ આપેલ આ કાર્ડમાં પૂ. શ્રીનું સ્વરૂપ છે. હૃદયસ્થાનમાં પૂ. માનું હસતું સ્વરૂપ છે. આ કાર્ડ પૂ. માની ભક્તિ અંગે ઘણું ઘણું કહી જાય છે. કપૂરાના સાંસ્કૃતિક પ્રોગ્રામના કલાકારો તથા મીરાબેનને પૂ. મા ભેટ આપે છે. રાજકોટના બાળકો તલવાર રાસ, જીજીબાઇનું હાલરડું જેવા કાર્યક્રમો રજૂ થાય છે. પૂ. મા શિવમ્ અને એલ. એ.ના વિકાસને ખૂબ ખૂબ અભિનંદન આપે છે.

રાત્રિની બેઠકમાં પરદેશના બાળકોદ્વારા ભારતના સંતોના ચરિત્રોપર એક નાટક રજૂ કરવામાં આવે છે. પૂ. મા ખૂબ પ્રસન્ન થાય છે. પૂ. મા સ્લેટમાં લખે છે કે "શ્રી સુરેશભાઇ અને વિમળાબેનના ઘેર મૌન એકાંતમાં પદ લખ્યું હતું 'શીળી છાંયા તે ગુરુદેવની રે લોલ' ત્યારે કલ્પના નહોતી કે આવા એક પદપર આવું સુંદર નાટક પણ થઇ શકે. એલ. એ.ની મંડળીના દરેક નાટકો શાંત, ગંભીર, શિસ્ત ને બોધથી ભરેલાં છે. હજી આપણે ઘણું શીખવાનું છે. વિદેશયાત્રાનું માનું દર્પણ બનીને આ બાળકોએ જેવાં મા છે તેવાં ઉત્તમ રીતે અહીં રજૂ કર્યાં છે. ખૂબ ખૂબ ધન્યવાદ."

કપૂરાની શાળાના ધોરણ ૮, ૯ અને ૧૦ માં પ્રથમ, દ્વીતીય અને તૃતીય ક્રમે થનાર ઉત્તીર્ણ તેજસ્વી બાળકોને પૂ. માએ સન્માન્યા અને પ્રોત્સાહક ભેટ આપી.

સૌરાષ્ટ્રની કાઠિયાવાડી લોકબોલીમાં પૂ. માના જીવન અને સંદેશ આધારિત એક નાટક શ્રી વિજયભાઇ કલોલા અને શ્રી અજયભાઇ કલોલા રજૂ કરે છે. તળપદી ભાષા પરના પ્રભુત્વને કારણે આ નાટકમાં સૌને ખૂબ મજા આવી. પૂ. મા પણ ખૂબ પ્રસન્ન થયાં.

રાત્રિનો સમય ઘણો વીતી ગયો છે. ઠંડી ખૂબ છે. સંનિધિપર્વની પૂર્ણાહુતિ થઇ રહી છે. શબ્દોમાં છ દિવસની ફળશ્રુતિનો આભાર વ્યક્ત કરવો શક્ય નથી પણ સૌ કોશિશ કરે છે.

શ્રી કલ્યાણ : છ દિવસના આ સંનિધિપર્વમાં પૂ. માએ પોતાના ખોળામાં બાળકોને બેસાડીને જીવનની અપૂર્વ ધન્યતા આપી છે. જિંદગીનો બહુમૂલ્ય સમય ફાળવ્યો છે. પૂ. માને સમજવામાં સમય પસાર કરવા કરતાં પૂ. માના શ્રી ચરણોમાં

સમર્પિત થઇ જઇએ તો ઘણું ઘણું પામી જવાય. આપણે શું પૂ. માને સમજવાના? સૂર્ય પાસે આગિયો શું કરી શકે? સમુદ્ર પાસે ખાબોચિયાની શું સ્થિતિ? પૂ. માને સ્વીકારી લેવામાં જીવનની પરમ સાર્થકતા છે. પૂ. માના શ્રી ચરણોનો આશ્રય લઇ લેવાનો છે.

કુ. બીજલ : પૂ. માનો પ્રેમ મેળવવા જ અહીં સૌ સ્નેહ-યજ્ઞમાં ભેગાં થયાં છીએ. આપણાં સૌના લાભાર્થે જ આ પર્વ થયું છે. આપણે અહીં આપ્યું તે કરતાં ૧૦૦૦ ગણું વધારે મેળવ્યું છે. પૂ. માને કંઇ જરૂર નથી. પૂ. મા આપણા માટે જ બધું કરે છે. આપણે યોગી નથી બની શકવાના, પણ આપણા કાર્યમાં પ્રોત્સાહિત કરીને તેને ભક્તિમાં રૂપાંતર કરે છે. પૂ. મા તેને (કાર્યને) ખૂબ પ્રોત્સાહિત કરી દે તો ભક્તિ બની જાય છે. પૂ. માને પ્રાર્થના કરીએ કે જેવા તેવા પણ તમારા બાળકો છીએ. તમારી પાસે રાખજો અને આશીર્વાદ આપતાં રહેજો.

શ્રીમતી જ્યોત્સ્નાબેન : હે મા! તમને પૂજ્ય કહું તો હું પાવન થાઉં. સંનિધિ પર્વની શરૂઆત કર્પૂરવનના મોભીઓને શ્રદ્ધાંજલિથી થઇ. શરૂઆતથી આજ સુધી કોઇ લિઘ્ન નથી આવ્યું. આ પર્વમાં સતત સાહિત્ય, યોગ, સંગીત, કલા, જ્ઞાન, ભક્તિ પીરસાયા છે. દરેક સાધનાનું પરિણામ પરમાત્માનું દર્શન હોય છે. આપણાં સૌનું ધ્યાન હિંચકા પર બિરાજેલાં પૂ. મા પર જ રહ્યું. આ પર્વે સમાધિનું જ્ઞાન આપ્યું. ખુલ્લી આંખે પૂ. માના દર્શન કરવા સિવાય બીજી કોઇ સમાધિ હોઇ શકે? પ્રધાન કે રાજાનું શું સ્વાગત હોય! પણ માનું પ્રથમ દિવસે તો સ્વાગત ભવ્ય હતું. યજમાન પરિવારનો ભાવ પણ કેવો? આરતી ઉતારતા ઉતારતા ચાલે. શ્રી જગદીપભાઇએ સૌને

ઋણી બનાવી દીધાં. તેમની વિનમ્રતા અદ્‌ભુત છે. સૌએ સ્વતંત્રતા માણી છે પણ સ્વચ્છંદતા નથી લીધી. ૨૧ તોપની સલામીથી સન્માન આપવાનું હોય તો કર્પૂરવનના ગ્રામજનોને. તેમનો પૂ. મા પ્રત્યેનો પ્રેમ કેવો અદ્‌ભુત છે! સૌએ અતિથિઓ માટે પોતાનાં ઘર ખુલ્લાં મૂકી દીધાં. તેમની પાસેથી એ શીખવા મળ્યું કે પૂ. માને પ્રેમ કેવી રીતે કરાય? સૌથી વધુ ધન્યવાદ શ્રીમતી મીરાબેનને. છ દિવસ સુધી સતત કલા પીરસતાં રહ્યાં. સ્વયંસેવક ભાઇઓએ પણ ખડેપગે સેવા કરી છે. શ્રી મનોજ-ભાઇ, શ્રી અપ્પુ, શ્રી યોગેશભાઇ, શ્રી બચુભાઇ તથા કપૂરાના ભાઇઓએ સતત પરિશ્રમ લીધો છે. સૌથી વધારે પરિશ્રમ તો પૂ. માએ ઉઠાવ્યો છે. પૂ. મા તમે અમારા હૃદયમાં રહેજો, સાથે જ રહેજો, અંતરનો તાર આપની સાથે જોડાયેલો રહે એ જ પ્રાર્થના.

શ્રી તેજસ : સ્નેહયજ્ઞમાં અહીં સૌ ભેગા થયા, પૂ. માનો સ્નેહ મળ્યો એ માટે પૂ. મા તથા શ્રી જગદીપભાઇના ઋણી છીએ.

શ્રી આશાબેન : પૂ. માનું સતત–સુંદર સાન્નિધ્ય મળ્યું છે. સતત દર્શન પછી ગમતું નથી કે સ્નેહયજ્ઞના છઠ્ઠા દિવસે યજ્ઞનો અંત હોય. પૂ. માના ગુણોથી કોણ અજાણ છે! પૂ. માનું જીવન ખુલ્લી કિતાબ જેવું છે. 'પોયણું પાંગર્યું' નામનો બાળલીલાનો અક્ષરદેહ આપણાં ઘરમાં ને હાથમાં રહેશે. પ્રાર્થના એટલી કે હવે પૂ. માની 'સાધનાયાત્રા' પુસ્તક સવેળા પ્રસિદ્ધ થાય. પ્રા. તરલાબેનનો સૌ વતી આભાર. (પોયણું પાંગર્યું પુસ્તક માટે)

પૂ. મા યજમાન પરિવારના શ્રીમતી નયનાબેન અંગે સ્લેટ પર લખે છે કે 'આ નાનકડી નયનાના એક વાક્યે આ નાનકડું

કપૂરા ભક્તોથી ઉભરાઇ ગયું. વિદેશના ભક્તો ભારત આવવા માટે નિર્ણય લેવામાં ઢીલા હતા. તેમને શ્રી વિનોદભાઇ ને શ્રીમતી સરોજબેન જાણે પોતાના આંગણે પર્વ હોય તેવો આગ્રહ કરીને તેડી લઇ આવ્યા. આજે અમે વિચારેલું કે નયનાના માતાપિતાને મંચ ઉપર લાવવાં. કેવી શ્રદ્ધાળુ દીકરી! જેમણે આ પરિવારને આપી તે માતાપિતાને સાચે જ વંદન. કોઇ પુત્રવધૂ આવડું મોટું સત્કર્મનું નોતરું એકલે હાથે ના આપે. સો ને હજારવાર વિચારે. નયનાના એક વાક્યે પર્વ પ્રગટ્યું ને શાંત પણ થઇ ગયું. આટલા દિવસમાં ગામમાં પણ કોઇનું મરણ ના થયું. કોઇ માંદા પડી હોસ્પિટલમાં દાખલ ન થયા. અરે! તમે બધા વિના વિઘ્ને છેક પરદેશથી કપૂરા સલામતીપૂર્વક આવી શક્યા. અહીં મન મૂકીને રહી શક્યા. આ પર્વને સફળતા ધરવાનું કામ પ્રભુએ ઉત્તમ રીતે પાર પાડ્યું છે.'

શ્રી નાથુભાઇ : આ સત્, ચિત્ત, આનંદનો દરબાર છે. આ દરબારમાં કેટલા સરસ કવિવરો છે. પહેલીવાર જ આ દરબારમાં આવ્યો છું. આ ૧૦૦૦ કુંડી યજ્ઞ છે. જ્ઞાનયજ્ઞ છે. આ જ્ઞાનયજ્ઞ યોજવા બદલ પૂ. માનો આભાર.

શ્રી સુતરિયાભાઇ : પૂ. માનો પ્રેમ શબ્દમાં વર્ણવી શકાય તેવો નથી. મારા માટે પૂ. મા સ્વાસ્થ્ય પ્રદાયક, મનના રક્ષણ કરનારાં અને સર્વત્ર રક્ષનારાં છે. આ સ્નેહયજ્ઞમાં પૂ. માના અંકે નાનાકડા બાળથી માંડીને મોટી ઉંમરના સહુ કોઇ નાચ્યાં છે. એની પાછળ પૂ. માની ને પૂ. શ્રીની શક્તિ છે.

શ્રી વિજયભાઇ રાણા : પૂ. માનું પ્રત્યક્ષ સાન્નિધ્ય કાલથી મળશે નહીં. આ સ્નેહયજ્ઞમાં કોઇ પણ જગ્યાએ ક્યાંય ઉણપ લાગતી નથી. આવું આતિથ્ય કોઇ પણ જગ્યાએ જોવા મળશે

નહીં. પૂ. મા એ જ પ્રભુ છે, પ્રભુ એ જ પૂ. મા છે. અમને ખૂબ આનંદ થયો છે. ગ્રામજનોએ ખૂબ સાથ આપ્યો છે. સૌનો આભાર.

શ્રી નારાયણભાઇ જાની : મને એટલું બધું સૂઝે છે કે શું બોલવું? મા–પ્રભુના જેટલા યશોગાન ગાઇએ તેટલા ઓછા છે. પૂ. માના પોતાનામાં તો શક્તિ છે જ, પણ માના સંકલ્પથી આપણામાં પણ શક્તિ આવે છે. પૂ. માની પાસે બેસવાનો એક આનંદ છે. આ આનંદનું વર્ણન જ ન થાય. સાચો આધ્યાત્મિક આનંદ માત્ર અનુભવી શકાય. પૂ. માનો વધુમાં વધુ લાભ લો તો જીવનમાં પસ્તાવાનો વારો નહીં આવે. ધર્મ, અર્થ, કામ ને મોક્ષમાંથી કોઇ પણ વસ્તુ જોઇતી હોય તો પૂ. માના શરણે આવો. મા ખૂબ દયાળુ છે. અહીં કોઇ બંધન નથી. જ્યાંસુધી શ્વાસ ચાલે છે ત્યાંસુધી શ્રેષ્ઠ રીતે જીવો. આપણે સદ્ભાગી છીએ કે પૂ. મા આપણને મળ્યાં. ભગવાનને પણ વ્હાલ કરવું હોય તો તેણે સાડી પહેર્યા વગર છૂટકો નથી. પૂ. મા પાસે તર્ક ન કરો પણ માત્ર માનું સ્મરણ કરો. મા પોતાની શક્તિદ્વારા નવી સૃષ્ટિનું સર્જન કરી શકે છે. શ્રેષ્ઠ ભાવ રાખો. શ્રી જગદીપભાઇ તથા શ્રીમતી નયનાબેન અને યજમાન પરિવારનો અંતઃકરણપૂર્વક આભાર.

શ્રીમતી નયનાબેન : અમારું આમંત્રણ સ્વીકાર્યું એટલે પૂ. માનો ખૂબ ખૂબ આભાર. આશા રાખું કે ભવિષ્યમાં પણ જે કંઇ પૂ. મા પાસે પાર્થું તે પૂ. મા સાંભળે ને પ્રત્યુત્તર આપે. પ્રભુએ જ અમને પ્રેરણા આપી કે પૂ. માના ૬૦ મા જન્મદિવસે કપૂરામાં જ શિબિર કરીએ તો કેમ! શિબિર તો યોજાઇ ગઇ. આ શિબિરમાં પૂ. મા ખૂબ પરિશ્રમ લઇને ઉજાગરા કરે

છે. આનાથી મને ખૂબ દુઃખ થયું કે પૂ. માને શિબિરમાં આવવાનું કહીને મેં ભૂલ કરી હોય એમ લાગે છે. (શ્રીમતી નયનાબેન રડી પડે છે.) તરત જ પૂ. મા સ્લેટ પર લખે છે કે 'માને તો આજ વ્યાપાર છે. જન્મોથી. એટલે તમારા નોતરાની માતો કાગડોળે રાહ જોયા કરતી હતી. જે તેડે ત્યાં દોડે ને કામે મંડી પડે. જે વિષય તમારો નથી તે વિષય અમે સંભાળીયે. આ માના બાળકો સતત કાર્યભાર ઉપાડતાં રહ્યાં અને પૂર્ણ પણ કરતાં રહ્યાં. આ તો લોહીના સંબંધે એવું સહજ થાય, પણ એવું નથી. હજારોની હાશ મળી, હજારો મંત્રગાન થયા.'

સ્વસ્થ થઈ શ્રીમતી નયનાબેન શિસ્ત જાળવવા બદલ સૌનો આભાર માને છે અને કોઈને કંઈ દુઃખ થયું હોય તો ક્ષમા યાચે છે. કપૂરા ગામના સૌનો સહકાર આપવા બદલ આભાર માને છે.

શ્રી જગદીપભાઈ : આભાર પૂ. માનો. સુંદર વિચાર શિબિર યોજવાનો નયનાના મનમાં આવ્યો. પૂ. માએ તે સ્વીકાર્યો ને પૂ. મા કપૂરામાં રહેવા સંમત થયાં. તમે સૌ આવ્યા. કપૂરા ગામના લોકોએ સહકાર આપ્યો એ બદલ સૌનો આભાર. દરેક ઘરની વ્યક્તિએ ખુલ્લાં હૃદયથી કહ્યું કે રહેવા માટે જેટલી વ્યક્તિને અમારા ઘેર મોકલવી હોય તેટલી મોકલજો. કુટુંબના બધા સભ્યોએ આવીને પ્રસંગ દીપાવ્યો. માટે સૌનો આભાર. પૂ. માને પ્રાર્થના કે જ્યારે અમને પોલી વાંસળી બનાવીને આ સત્કર્મોરૂપી સૂર કઢાવજો. આવા કાર્યોમાં દરેક જન્મમાં મને જ નિમિત્ત બનાવજો.

શ્રી રાજુભાઈ જાની : સ્નેહયજ્ઞની સફળતાનો આધાર પૂ. મા છે. આ આયોજનમાં ઉપયોગી થનાર સહુ કોઈનો આભાર.

શ્રી સંજયભાઈ : આ ઉત્સવમાં આપ સૌ પધાર્યા ને અમને સેવા માટે નિમિત્ત બનાવ્યા તે માટે આભાર. શ્રી નયનાભાભીને સારા વિચારો આવે છે. આ સ્થાનપર ગુરુકુળ સ્થાપવાનો વિચાર સરસ છે. ગુરુકુળનું કાર્યાલય અમારા ઘરમાં જ રાખજો. એ માટે ઘર અર્પણ કરું છું.

શ્રી રમેશભાઈ ભક્ત : આજના પ્રભાતે (ગુરુકુળ સ્થાપવાનો) શુભવિચારો આવ્યા છે તેનો એટલો બધો સંતોષ છે કે ન પૂછો વાત. આપણે પૂર્ણાહૂતિ જાહેર કરી નથી. બધાયે અહીં રોકાઈ જવાનું છે. મને ખૂબ આનંદ થયો છે. કોઈને આ સ્નેહયજ્ઞમાં મુશ્કેલી પડી હોય તો માફ કરજો. ફરી અહીં આવવા માટે તૈયારી રાખજો. જય કૃપાળુ મા.

શ્રીમતી શારદાબેન : પૂ. માએ અમારા પર ખૂબ કૃપા કરી છે. માએ અમારા આમંત્રણનો સ્વીકાર કર્યો. પાંચ વર્ષથી આ જમીનપર કંઈક કરવું એવું વિચાર્યું હતું. છ દિવસનો કાર્યક્રમ છ કલાકમાં વીતી ગયો એવું લાગ્યું.

શ્રીમતી સુશીલાબેન : અહીં આવવા માટે સૌથી પહેલાં હું તૈયાર હતી. પરમશક્તિની (પૂ. માની) સેવાની તક મળી તે બદલ મને ઘણો આનંદ છે. ફરી ફરી સૌ ભેગા મળીએ. જન્મોજન્મ મા–પ્રભુના કાર્યમાં કાર્યાન્વિત રહીએ એવી પ્રાર્થના.

પૂ. મા દરેક સાધકને પોતાના સ્થાને જ પૂ. શ્રીનો આભાર માનવા ૧૧ પ્રણામ કરવા કહે છે. પૂ. મા પણ ૧૧ પ્રણામ કરે છે. સભામંડપની બહારથી પ્રદક્ષિણા કરીને ધરતીમાતા, સ્થાનદેવતાને પ્રભુનો આભાર માની પૂ. માને સૌ સાધકો રાત્રીના ૧.૦૦ વાગ્યે પોતાના ઉતારા પર પધારે છે. સ્નેહયજ્ઞ પૂર્ણ થાય છે. વર્ષો ને જન્મોસુધી સ્નેહયજ્ઞનો સ્નેહ સૌના હૃદયમાં ઉછળતો

રહેશે. આખા જગતને સ્નેહાળ એક સાથે કરી શકાતું નથી. પણ આ સ્નેહયજ્ઞમાં સહભાગી થનાર હજાર જેટલા સાધકો જ્યાં જ્યાં જશે ને સંબંધ બાંધશે ત્યાં ત્યાં સ્નેહની સરવાણી જરૂર ફૂટશે. મહાન હૃદયોના સારેગમમાંથી જ સંવાદિતા, શાંતિ, પ્રેમ, આનંદના સૂર રેલાશે.

પૂ. મા ને યજમાન પરિવારના શ્રી જગદીપભાઈ, શ્રી નયનાબેન સહિત સૌનો આભાર ને પૂ. માના ચરણોમાં કોટિ પ્રણામ.

સંસારની ક્ષુલ્લક વાતોથી વિમુખ બની સાધના કરવાથી જ સફળતા કે સિદ્ધિ પ્રાપ્ત થાય છે. યાદ રાખો કે સમયનો સદુપયોગ કરનાર જ સાચો સાધક બની સફળતા પામે છે. **યોગેશ્વરજી**

અધ્યાત્મ રજત જયંતિ વર્ષના અભિનંદન

સ્થાપત્ય કન્સ્ટ્રક્શન

પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,

બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨,૨૨૬૯૦૩

Speech of Parth at Calgary Shibir

Parth Bhakta

It's hard to condense two weeks of Shibir into a matter of minutes. But I guess I should start with before I came here.

I love good food. Before coming to the Shibir my mom told me, "There you will only get Salad at lunch. Fruits in the morning and in the evening little Khichadi or something similar." I was thinking, "How would we spent two weeks like this?" So I was little bit nervous from the food perspective. Other than that I had no worries.

But I don't recall I went hungry any day! Some days when I was practicing tabla, I even forgot to take lunch! But I never felt hungry the whole time!

About the Yatra yesterday, I forgot to mention one thing which I went and told Maa last night was that Sutariyaa Kaka.... He was on the tour bus. Not the Bus we went in, the one we boarded at the Glacier. On this bus, the driver said something about Indian music. So Kaka stands up and the driver passes the intercom. He starts with 'Aum Yogeshwarai Namh.' and starts singing Doha! But since it's not our bus, there are more tourists, like Chinese people, some Canadian, and other people from different lands. They brought their cameras and

were taping this Indian man Singing! I really won't forget that! It was really interesting experience.

Second thing, is very important that Maa is here. She did give us a scare when she didn't show up the first day. We actually expected Her at 12–00 o'clock on the last flight the day before the Shibir. Everyone were going to keep quiet and then start singing dhoon and surprise Maa!

At 12–00 Bhagwanjikaka comes and says 'Maa did not come.' So we don't know what to do now? Everyone is confused. Bhagwanjikaka takes charge and says 'Now, we will continue the Shibir as if Maa is here.' So we do that for half day. Next day Maa comes in. It changed a lot. For half a day I noticed that you really had to push hard to read. Even when you had to do the Mala, it was the same experience. After Maa got here, everyone was excited and everyone had the enthusiasm ready to go. So she has certain capabilities and she has lot of influence on the Bhaktas.

Rath Yatra was worth remembering as well. It was very interesting. I happened to be sick for the past two days. I didn't really feel like playing tabla at all. But Maa told me that I should go. So we sat on the Rath.... for four hours!

Bhagwanjikaka and Vinodhbhai were driving and we played. Coming back I felt much better.

I am not sure how much credit goes to medicine and how much credit goes to Maa. But listening to Maa's advice and going to Rath Yatra made me better. So I went. And I felt much better after coming back from yatra. As soon as I got here, Maa said 'Now go to sleep.' So I say 'OK' and go to sleep.

When I woke up, mom had a big box of prasad. Box of fruits, dried fruits and nuts. 'Variyaali' too! It was very nice. All sent by Maa of course! That shows Maa's character. She is caring, always giving little kids so much encouragement. And prasad is always on hand. (Pointing to Maa's hinchko) I bet there is a box there next to hinchko! (Maa pulls out a box of candy) See I told you. So it's always ready! (Laughter)

The Shibir was lot of fun. This time it was lot different. And I knew that coming into the Shibir. Canada's Shibir is known for its strict rules. I knew there were niyams that we were supposed to be taking. So I learned a lot more in this Shibir. One of the things is I got to see Swargarohan. I haven't been there. I wanted to go. But on the video I got to see it. So when she asked me I thought 'well video is already taken. So what else can we do?' But my dad told me 'you can sponsor it the next year. Someone does it this year. Someone else does it next year. Something like that. I would want to do this.

Maa writes, "How old are you?" Parth, "I am 17"

Maa : "Do you want to go to India to celebrate your 16th birthday?" Maa explains, "Everyone celebrates 16th on the day or before. We will celebrate 16th afterwards!"

"On your birthday do you want to give uniforms to 500 children?" "Yes" "When is your Birth date?" "February 9" "Do you have vacation in March?" "From May to August." Maa, said "We will celebrate your birthday during Vacation"

So about Shibir, it was more of a learning experience. I also understand a little more about Yogeshwarji's lectures that are being played here.

First I didn't care to pay too much attention to them at all. Simply because I did not understand it. The vocabulary was too high. Gujarati we speak in the house is very simple. But what we listened is difficult to understand. However this time it was little easier I think.

Maa writes, "Pujya Shree has also given lectures in English. We will send you."

Yogeshwarji says Bhakti is the only way to God. That Bhakti is not easy. That's also made me wonder, how do we know what' were doing is right? You don't know whats right and how to actually do the Bhakti!

Another point I really liked is, I don't know who said this, but 'Atma' is on a gradual path towards God. The mind is what distracts it. Becoming bothered by materialistic possessions like money, family, property you have.

So it's your mind that's getting in the way. If your "Atma' is already going towards God then control you mind. That's seem like a very important to note.

For the children, I really liked the Ramayan cartoon. First day Maa asked "Who likes watching cartoon?" I was wondering what kind of cartoon Maa could possibly be showing? So all these thoughts running thru my mind. Then I understood, 'Oh, this makes sense.' Then I thought, how do they teach the kids? But it was very interesting. It was very serious. So even the adults were getting into the Cartoon. So that's really good. I like that.

Of course, we have to mention very important person here, Joshikaka. We are thankful that he completed his journey, despite losing passport a couple of times, after running around. But alas, he has come. That's good. I like it.

We 're obviously not on his level, but whatever he said, had lot of impact on me, for sure.

I made few notes on that.

One day he talked about Maa Jagadamba. He said, 'Jagadamba is everything–in the water, in the atoms, in the gravitational force, rain and all the elements.' He even used a specific example about mind. For example, you think with your mind that you feed yourself, but she claims she is in the structure of your elbows. So she controls what you eat even! So she is very powerful.

Another thing he talked about is the Gopi Geet. That showed a very dramatic devotion to Krishna. It made me wonder, "How is it possible to have that kind of 'Bhav' in God?" That was very impressive. I can't imagine that kind of trust or devotion. It was very nicely worded and is still in teaching today.

I really liked his talk on Gurukul. Raise your hand if you've been to Gurukul.

(No one raised their hands)

That's what I thought. I never been to Gurukul. We go to school. But it's little bit different.

I really liked Acharya's advice on departing speech to students.

It gives you sub points.

One of the Points, is 'Remember your prayers!'

That's something that's not taught in schools today. I was impressed that in India, they still say, "Remember your prayers; and continue to study; speak the truth and practice virtues." Speak the truth was the loudest message I think.

I was surprised to see one of the points mentioned as being 'Earn money.'

I didn't know that. As far as I've been reading at the Shibir, it's all about letting go of money, possessions. He (Acharya) said it's okay to earn money. It's fine to live a comfortable life. And most importantly giving something

back to Gurukul. Now not necessarily in this day and age. Not necessarily back to the school, but to the community, where you came from. Always donate something back. That, the Acharya would like. Whatever you give, give with faith, give in plenty, and give with modesty. I really like the Gurukul topic that day.

Another thing I took note was that fact that the distance between men and God is infinite. You have to have saint in between as an intermediary. One specific example, Maa used, is saint's one had is in God's hand and the other one is with you to help you out. We are not on the level of Maa, obviously. But with her help, we can at least take few steps up towards God. And may be one day save ourselves.

An interesting, one small quote. It's very small quote.

"Give up everything to reach God." This I took note of every time I heard it. I wrote it on the back of my diary, and put a tally mark every time I heard it. One time Joshikaka said it; Yogeshwar Bhagwant said it in his lecture, it's said in this autobiography; it's in Buddha's teachings. Ramdas said it endless number of times.

So I got 6 or 7 tallies! So it's very important. So you give up something to go home towards God. We have living example. Maa has given up almost all food and water. We are so far away from getting to give up anything. I have no idea how to even get there, but it's

worth taking a note over that was mentioned by so many different sources, even different religions.

In Maa's padyatra to Dasarthachal, they talked about her feet. How they got blisters etc. In the book Ramdas's autobiography, goes into good detail of what their feet looked like. Cuts, Bruises, and how pain was unbearable for Ramcharas. It is so described in Ramayan.

They walked barefooted wherever they went. They were always walking. The description of their feet is repeated continuously.

Another reason why I came to the Shibir is mainly because Maa called me before I came to the Shibir. "Are you going to the Shibir?" I said, "I haven't given much thought. I am not doing anything. I guess, I might."

Maa said, "Practice Tabla in the Shibir"

You don't get much time to practice tabla at home. Really no time. With homework from high school, I normally go to sleep at 12 or 1 o'clock doing homework. So there is usually no time for doing Tabla practice. By being here, I got to play with my guru Hemanta, even though he was here only for short duration. In Ozona, I used to play during arti, normally for 45 minutes. Other than that nothing compared what I learned in India. There I learned different taals.

Here I played 1 and 1.5 hours with Hemant kaka. Sure Maa said to play for 5 hours but I played 1.5 hour.

I couldn't keep my hands on Tabla! They fall themselves. And that's Hemant kaka's teaching. He is very fast. And slowly I've been working toward it and slowly I did it up to 2.5 hours. Sorry Maa I couldn't do it (for 5 hours).

(Maa writes something)

'For you here it's different for tabla.

Maa's five hours, is your 2.5 hours!

Parth says, 'In that case I am saved.', and continues.

The result is I got 7 to 8 times better in just two weeks! I was impressed with myself.

I am glad that I came for the tabla practice. I really enjoyed it.

The most important message is....

There are 6 to 7 different references that say we should give up everything and Joshikaka said we should earn money. And Joshikaka himself says give up everything. Then he said earn money. This makes me wonder.

(Joshi kaka says, if you earn, then you can give. Once you have it then you can give up. If don't have then how can you give up?)

So Maa gives us all a guarantee. Forget about giving up everything, Forget about earning money and then giving up. Don't listen to any advises.

She is telling you straight.

If you do pranams then eventually one day, God will come. So She is giving you the key. But you've been given the key in your hand. So take it. And Maa is here with us. And she will help us reach God in that aspect. She also has given a straight way towards God. You don't have to read anymore books or try to understand them. So there are many different ways of how you live your life. I am confused.

But I am very glad that on the last day of the Shibir, Maa tells us how to reach God. And that's the most important thing everyone should take home from Shibir.

Jai Krupalu Maa.

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્ક્સ

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

કેલગરિ શિબિરમાં શ્રી પાર્થનું વક્તવ્ય

અનુવાદ : નારાયણ હ. જાની

(શ્રી પાર્થે લંબાણથી પોતાનો શિબિરનો પ્રતિભાવ અંગ્રેજી-માં વર્ણવ્યો છે. આ તેનો શબ્દઃ અનુવાદ નથી. છતાં તેના મહત્ત્વના મુદ્દા અહીં રજૂ કર્યા છે. એનું મૂળ અંગ્રેજી લખાણ મોટા ભાગનું લીધું છે. **—તંત્રી**)

જય કૃપાળુ મા.

છ દિવસની શિબિરનો પ્રતિભાવ થોડી મિનિટોના વક્તવ્ય-માં સમાવવો અઘરો છે. એટલે એની શરૂઆત હું અહીં આવ્યો તે પહેલાંની મારી વાતથી કરું છું.

હું ખાવાનો શોખીન છું. શિબિરમાં આવતાં પહેલાં મારાં બાએ મને કહ્યું કે શિબિરમાં બપોરના ભોજનમાં માત્ર સલાડ મળશે. સવારે ફલ અને સાંજના ભોજનમાં ખીચડી કે એવું બીજું કંઇ. મને થયું કે એવું જો હોય તો હું બે અઠવાડિયાં ત્યાં કેવી રીતે કાઢી શકીશ? તેથી મન થોડું ઢીલું પડેલું. બાકી મને બીજી કોઇ ચિન્તા ન હતી.

પણ અહીં હું ભૂખ્યો રહ્યો હોંઉ એવું મને યાદ નથી. કેટ-લાક દિવસ તબલાંની પ્રેક્ટીશની ધૂનમાં બપોરનું ખાવાનું ભૂલી જવાતું. છતાં ભૂખનો કોઇ અહેસાસ થયો નથી.

હવે ગઇકાલની યાત્રાની વાત કરું. પૂ. માને મેં જે વાત શ્રી સુતરિયા કાકાની કરેલી તે હું કહેવાનું ભૂલી ગયેલો. અમે જે બસમાં બેઠેલા તેમાં તેઓ ન હતા. તેઓ ગ્લેસિયરથી બીજી બસમાં બેઠેલા. તે બસના ડ્રાયવરે ભારતીય સંગીત વિષે વાત કાઢી. તો શ્રી સુતરિર્યાકાકાને ડ્રાયવરે પોતાનું ઇન્ટરકોમ

પહોંચતું કર્યું અને શ્રી યોગેશ્વર પ્રભુને પ્રણામ કરી કાઠિયાવાડી દોહા ગાવા માંડ્યા. આ બસમાં આપણા ભક્તો જ ન હતા. કેનેડિયન, ચાઈનીઝ તેમ જ બીજા દેશોના મુસાફરો પણ હતા. તેઓ પોતપોતાના વિડિયો કેમેરા લઈ ઊભા થઈ ગયા અને આ સંગીતને ટેપ કરી લીધું હું કદી ભૂલી ન શકું તેવું એ દૃશ્ય હતું.

બીજી મહત્ત્વની વાત એ છે કે પૂ. મા આપણી વચ્ચે છે. પહેલે દિવસે તેઓ ના આવ્યાં તેથી ભય લાગી ગયો. શિબિર-ના આગલા દિવસે બપોરે ૧૨—૦૦ સુધીમાં તેઓ આવશે તેવી ગણત્રી હતી. અમે તેમની રાહ જોતા હતા અને પૂ. મા પધારે ત્યારે એકદમ ધૂન બોલીને પૂ. માને આશ્ચર્ય પમાડવાનો અમારો ઈરાદો હતો. ફક્ત એક ભગવાનજીકાકા જ પાછલા દરવાજે ઊભેલા. ને પૂ. માના આગમનની અમને જાણ કરે એટલે શાન્ત બેસી રહેલા અમારે મોટેથી ધૂન શરૂ કરવાની હતી.

પણ ૧૨ વાગે શ્રી ભગવાનજીકાકાએ જણાવ્યું કે પૂ. મા પધાર્યાં નથી. આથી બધા મૂંઝવણમાં પડી ગયા કે હવે શું કરવું? પરંતુ શ્રી ભગવાનજીકાકાએ કહ્યું કે, "પૂ. મા અહીં છે જ એ રીતે આપણે શિબિરનો પ્રારંભ કરી દેવો!" અડધો દિવસ અમે તેમ કર્યું.

પરંતુ બીજા દિવસે પૂ. મા આવતાં જ બધું બદલાઈ ગયું! આગલા દિવસે વાંચવાનું અને માળા જાણે પરાણે થતી હોય તેમ અનુભવાતું. પણ પૂ. માના આગમને બધું જ બધું જ બદલાઈ ગયું. બધાંઓમાં ઉત્સાહ અને ચેતન આવી ગયું. ભક્તો ઉપર અસર કરવાની પૂ. માની શક્તિ ગજબની છે.

રથયાત્રા ખાસ યાદ કરવા જેવી ને મઝા પડે તેવી છે. પરંતુ તેના બે દિવસ પહેલાંથી હું જરા માંદો હતો. એટલે મને તબલાં બજાવવાની ઈચ્છા ન હતી પણ પૂ. માએ કહ્યું તારે આવવું જોઈએ

અને હું આવ્યો એટલું જ નહિ—ચાર કલાક એકધારો બેઠો!

આ યાત્રામાં શ્રી ભગવાનજીકાકા અને વિનોદભાઈ વાહન ચલાવતા હતા. અને અમે તબલા વગાડતા હતા. યાત્રામાંથી પાછા ફરતાં મને ઘણું સારું લાગ્યું.

મને દવાને લીધે સારું થયું કે પૂ. માની કૃપાથી તે અંગે હું કંઈ કહી શકું. પણ એક વાત સાચી કે પૂ. માની સલાહ માનીને રથયાત્રામાં હું ગયો તો મને સારું થયું. યાત્રા પૂરી થતાં પૂ. માએ કહ્યું, "જા, હવે સૂઈ જા." અને હું સૂઈ ગયો.

હું જ્યારે જાગ્યો ત્યારે મારી મમ્મીના હાથમાં પ્રસાદનું મોટું બોક્સ હતું. તેમાં ફળ, સૂકો મેવો, કાજુ અરે વરિયાળી પણ હતી. પૂ. મા સિવાય આવું કોણ આપે? તે પરથી દેખાય કે પૂ. મા કેટલી બધી કાળજી રાખે છે! પૂ. માનો એ સ્વભાવ છે. બાળકોને તેઓ આ રીતે પ્રોત્સાહિત કરતાં રહે છે. પૂ. માના હીંચકા પાસે પ્રસાદ તો હોવાનો જ. (પૂ. મા તે જ વખતે એક ચોકલેટનું ખોખું બતાવે છે) તે જોઈ બધા ખૂબ હસે છે.

શિબિરમાં રમૂજ તો હોવાની જ. પરંતુ મારે તે સિવાય બીજી વાત કહેવાની છે. અત્યાર સુધીના પૂ. મા સાથેના વ્યવ-હારોમાં રમૂજ તો આવતી. હંમેશાં સરસ સમય પસાર થતો. મારે ભાગે તબલા વગાડવાનું આવતું. જે મને ગમતું કામ હતું. પરંતુ કેનેડાની આ શિબિરમાં નિયમો લઈ, તેને જાતે જ પાળવાના. તે વાત હું આ શિબિરમાં શીખ્યો.

મેં હજી ભારતમાંનું સ્વર્ગારોહણ જોયું નથી. જો કે ત્યાં જવાની મારી ઈચ્છા હતી પણ જઈ ન શક્યો. પણ વિડિયોમાં મેં તે જોયું. તો પૂ. માએ પૂછ્યું કે તારે આવું કંઈ કામ કરવું છે? પણ મને તે સમજાયું નહિ. તો મારા પિતાજીએ મને

સમજાવ્યું કે દર વખતે જુદી જુદી વ્યક્તિઓ જુદુ જુદુ સત્કર્મ કરે છે, તો એકવાર તું પણ તેવું કરી શકેને? મને થયું આવું કરવાનું મને પણ ગમે.

પૂ. મા પૂછે છે, તને કેટલાં વર્ષ થયાં? સત્તર. તો તારે તારી ૧૬ મી વર્ષગાંઠ ભારતમાં ઉજવવી છે? તે પહેલાં કે પછી ઉજવી શકાય, તારો જન્મદિન કયો છે? ૯ મી ફેબ્રુઆરિ, તારે વેકેશન ક્યારે પડે છે? 'મે થી ઓગસ્ટ' તો આપણે તારો જન્મદિન વેકેશનમાં ઉજવીશું. તેમાં પણ ગરીબ બાળકોને તારા તરફથી પોષાક આપવાનું તને ગમશે? મેં તે માટે હા પાડી.

આમ શિબિરમાં મને ઘણું જાણવા ને શીખવા મળ્યું. વળી પૂ. મહાત્મા યોગેશ્વરજીના પ્રવચનો પણ થોડાં સમજવા લાગ્યો. પહેલાં હું તે પ્રત્યે ધ્યાન ન આપતો કારણ મને તેમાં સમજ ન પડતી. ભાષા અઘરી લાગતી પરંતુ આ વખતે મને તે થોડી સેલી લાગી.

(પૂ. મા લખે છે કે પૂ. યોગેશ્વરજીએ કેટલાંક પ્રવચનો અંગ્રેજીમાં આપ્યાં છે. એ તને મોકલીશું.)

શ્રી યોગેશ્વરજીએ કહેલું છે કે ભગવાનને પ્રાપ્ત કરવા માટે ભક્તિનો માર્ગ છે, પણ તે ભક્તિ સહેલી નથી. મને તેથી આશ્ચર્ય થયું? જો એમ જ હોય તો આપણે જે કરીએ છીએ તે સાચું છે કે ખોટું તે કેમ સમજાય? કેવી રીતે સાચી ભક્તિ થાય છે તે જાણી શકાય?

મેં સાંભળ્યું છે કે 'આત્મા'નો માર્ગ અનુસરવાથી ધીમે ધીમે પ્રભુસુધી પહોંચાય. પરંતુ ધન, પરિવાર અને સંપત્તિ માટેનું મનનું આકર્ષણ તેમાં અંતરાયરૂપ બને છે એથી મનનો સંયમ કરવો એ મહત્ત્વની વાત છે. તો તે માટે મનનો સંયમ કરવો જોઈએ.

કારટૂનદ્વારા કહેવાયેલી રામાયણની કથા બાળકોને ગમી. તે પહેલાં પૂ. માએ પૂછેલું કે કોને કારટૂન જોવાનાં ગમે? ત્યારે મને કંઇ સમજાયેલું નહિ કે કારટૂનમાં પૂ. મા શું દેખાડવા માગે છે? પછી રામાયણની કથા આ પાત્રોદ્વારા રજૂ થઇ તે મોટાઓને પણ ગમી. બાળકોને તો તે ગમે જ.

પછી શ્રી લક્ષ્મેશભાઇ જોષી આ શિબિરમાં આવી શક્યા તે મહત્ત્વની વ્યક્તિ છે. તેઓનો પાસપોર્ટ બેવાર ખોવાઇ ગયો છતાં અહીં પહોંચી શક્યા. કેવું કહેવાય? તેઓની વાતો પૂરેપૂરી સમજવાની મારી ક્ષમતા નથી. છતાં મેં તેના કેટલાંક મુદ્દા નોંધ્યા છે.

તેઓએ કહ્યું કે પૂ. મા જગદંબા છે. તે સૃષ્ટિના દરેક કણકણમાં વ્યાપેલાં છે. તેઓ દ્વારા જ તમારા મનનું સંચાલન થાય છે. તમે જમવા માટે જે હાથ ઊંચો કરો છો, તેનું નિયંત્રણ પણ તેઓ જ કરે છે. આમ તેઓ ખૂબ શક્તિશાળી છે.

બીજું તેઓએ ગોપીગીતની વાત કરી, ગોપીઓની ભગવાન કૃષ્ણ માટેની ભક્તિની. પરંતુ ગોપીઓ જેવો ભગવાન માટેનો ભાવ આપણામાં શી રીતે પ્રકટે? મારામાં તે માટે જોઇતી શ્રદ્ધા કે ભક્તિ નથી. એની પદાવલિ ખરે જ સરસ છે.

ગુરુકુળ વિષેની તેઓની વાતો પણ સરસ હતી. તેઓએ પૂછ્યું કે જેઓ ગુરુકુળમાં રહ્યા હોય તેઓ આંગળી ઊંચી કરે. પણ કોઇ આંગળી ઊંચી ના થઇ.

મેં પણ ગુરુકુળમાં શિક્ષા લીધી નથી. નિશાળોમાં ભણ્યો છું. જે જૂનાં ગુરુકુળોથી સાવ ભિન્ન છે. ગુરુકુળમાંથી વિદાય થતાં વિદ્યાર્થીઓને આચાર્યશ્રી વિદાય સંદેશ આપતા તે મને ખૂબ ગમ્યો. તેના કેટલાક મુદ્દા આ પ્રમાણે છેઃ—

તમારી પ્રાર્થનાઓને યાદ રાખજો. આજની શાળાઓમાં

આવું બધું શીખવવામાં આવતું નથી. હંમેશાં નવું શીખવાની તૈયારી, સત્યભાષણ અને સદ્‌ગુણોનું આચરણ—આ મુદ્દાઓ મુખ્ય હતા. જો કે સત્ય બોલવા પર સૌથી વિશેષ ભાર મૂકવામાં આવ્યો.

મને એ જાણી આશ્ચર્ય થયું કે તેઓએ પૈસા કમાવા જોઇએ તે વાત પણ કરી. બીજી શિબિરોમાં પૈસા ને સંપત્તિ છોડવાની વાતો વિષે મેં સાંભળેલું. પરંતુ અહીં ગુરુકુળના આચાર્ય શિષ્યને સાચા માર્ગે ધન કમાવાની સલાહ આપે છે. સારી રીતે જીવવા માટે પૈસા જરૂરી છે. વળી તેમાંથી ગરુકુળને દાન પણ આપવું જોઇએ. પણ આજના સમયની શાળાઓને આવી દાનની જરૂર નથી (કારણ કે, તેઓ જૂના ગુરુકુળની જેમ ઘેર રાખી, ખવડાવી પીવડાવી, મફત ભણાવતા. (આજની શિક્ષણ સંસ્થાઓ તગડી ફી લે છે). એટલે કમાયેલા પૈસામાંથી શાળા કે કોલેજોને નહિ, પણ સમાજ માટે ગરીબો માટે દાન આપી શકાય. શ્રી જોષીકાકાએ પૈસા કામાવાની વાત અંગે સ્પષ્ટતા કરતાં કહ્યુ કે સારી રીતે જીવવા માટે પૈસા તો કમાવા પડશે જો વ્યક્તિ કમાશે તો જ દાન પણ આપી શકશે.

બીજી એક વાત મેં એ નોંધી છે કે ઈશ્વર અને આપણી વચ્ચે ઘણું અંતર છે તે અંતર દૂર કરવા એક ગુરુ જેવા મધ્યસ્થીની જરૂર પડે. આ વિષે પૂ. મા કહે છે. કે ગુરુએ એક હાથથી પ્રભુને પકડેલા છે ને બીજા હાથે તે ભક્તને મદદ આપવા તૈયાર છે.પણ ભક્તે તે માટે તૈયાર થવું પડે. જો કે આપણી કક્ષા પૂ. મા કરતાં ઘણી ઉતરતી છે, પરંતુ તેમની મદદથી પ્રભુના માર્ગે જરૂરથી થોડા આગળ વધી શકીએ. એ રીતે આપણી જાતને બચાવી શકીએ.

ત્યાગ વિષે પોતાનો પ્રતિભાવ આપતાં પાર્થ કહે છે કે

પ્રભુની પ્રાપ્તિ કરવા માટે સર્વસ્વનો ત્યાગ કરવો જોઇએ. આ વાત વારંવાર બધા જ ધર્મોમાં ભિન્ન રીતે કહેવામાં આવી છે, તેથી તેનું મહત્ત્વ છે. પૂ. યોગેશ્વરજીની આત્મકથામાં, ભગવાન બુદ્ધ અને ભગવાન રામના જીવનમાં પણ તેના ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

પૂ. માનું ઉદાહરણ આપણી સામે જ છે, તેઓએ અન્ન અને કદીક પાણીનો ત્યાગ પણ કરતાં રહે છે. પણ આપણા માટે આ અઘરું છે, છતાં તેનું મૂલ્ય ને આવશ્યકતા સમજવા જેવાં છે.

પૂ. માની દશરથાચલની પદયાત્રામાં પગે કેવા ફોડલા પડી ગયા હતા! ભગવાન રામના પગે પડેલા ઉઝરડા, કાપા વગેરેનું વિગતે વર્ણન રામાયણમાં આવે છે. કારણ કે તેઓ જંગલોમાં ખુલ્લા પગે ફરતા. આ કેવું કષ્ટપ્રદ છે!

'મારો પોતાનો શિબિરમાં આવવાનો કોઇ વિચાર ન હતો.' તે વાત પાર્થે પૂ. માને જણાવી. તો પૂ. માએ કહ્યું કે ત્યાં બીજું કંઇ ન કરે તો તબલાની પ્રેકટીશ કરજે. ઘરે તારે લેશન કરવાનું હોય છે તેથી સમય મળતો નથી. તેથી અહીં આવવાથી મારા તબલાના ગુરુ શ્રી હેમંતભાઇ પાસે ભલે થોડા દિવસ પણ પ્રેકટીશ કરવા મળી. ઓઝોનામાં આરતી વખતે હું તબલા વગાડતો પણ તે માત્ર ૪૫ મિનિટ જ. તે પછી ભારતમાં હું જે શીખ્યો તેની સરખામણીમાં તે કંઇ ન કહેવાય. પરંતુ હું અહીં જુદા જુદા તાલ શીખ્યો.

અહીં હું કલાક દોઢ કલાક શ્રી હેમંતકાકા સાથે તબલાં વગાડતો. પૂ. માએ એક સાથે ૫ કલાકનું લક્ષ્યાંક આપેલું, પરંતુ દોઢ કલાક વગાડતાં જ મારા હાથ થાકી જતા. કારણ કે શ્રી હેમંતકાકા બહુ ગતિથી વગાડતા. હું તેઓને ધીમેથી વગા-ડવા કહેતો. તેઓ ધીરેથી વગાડવાની શરૂઆત કરતા પરંતુ ફરી

તેમાં ઝડપ આવી જતી. આમ દોઢ કલાક વગાડ્યાં પણ હાથ થાક્યા નહિ. ધીમે ધીમે અઢી કલાક સુધી પહોંચાયુ. પાંચ કલાક ન પહોંચાયું. તો પૂ. માએ લખ્યું તારા અઢી કલાક બરાબર પૂ. માના ૫ કલાક સમજ. શિબિરમાં આવવાના પરિણામે માત્ર બે અઠવાડિયામાં મારી પ્રગતિ સાતથી આઠગણી થઇ ગઇ! એથી હું શિબિરમાં આવ્યો તે મારે માટે ખૂબ સારું થયું.

ત્યાગવાના અને કમાવાના ભિન્ન મંતવ્યો અંગે પૂ. મા ખાત્રી આપતાં કહે છે કે કમાવાની અને ત્યાગવાની વાતો હમણાં ભૂલી જાઓ. તેઓ સીધી વાત કરતાં કહે છે તમે જો પ્રભુને પ્રણામ કરશો તો સમય પાક્યે એક દિવસ પ્રભુ તમને મળશે. પૂ. માએ પ્રભુપ્રાપ્તિની આ ચાવી બતાવી. તો તેનો સ્વીકાર કરી લો, પછી તમારી સાથે પૂ. મા તો છે જ. બહુ પુસ્તકો વાંચવાની કે સમજવાની પણ જરૂર નથી. એક બાજુ ત્યાગવાની વાત અને બીજી બાજુ કમાઇને સમાજને મદદરૂપ થવાની વાતથી મને થોડો ગૂંચવાડો થતો. પરંતુ મને આનંદ છે કે શિબિરના છેલ્લા દિવસે પૂ. માએ ભગવાન પાસે કેમ પહોંચાય તે વાત સમજાવી દીધી. આપણે સહુએ તે વાત લઇને શિબિરમાંથી ઘરે જવાનું છે—તે ખૂબ મહત્ત્વનું છે. જય કૃપાળુ મા.

[નોંધઃ—પાર્થ ૧૭ વર્ષનો યુવાનીમાં પ્રવેશ કરતો ઉત્સાહી કોલેજમાં અભ્યાસ કરતો યુવક છે. તે તબલાં શીખે છે. તે પૂ. માનાં મોટા બહેન શારદાબેનના પુત્ર શ્રી જગદીપભાઇનો પુત્ર છે. પશ્ચિમની દુનિયામાં જન્મ્યા અને ઉછર્યા છતાં પૂ. માના સંપર્કમાં રહેવાંના પરિણામે તેનામાં કેવા સરસ ભાવો અને વિચારો છે તે તેના વક્તવ્યમાં અહીં રજુ થયા છે. તેનો યશ એની માતા શ્રી નયનાબેન તેમ જ દાદા શ્રી રમેશભાઇને ફાળે પણ જાય છે. **—તંત્રી**]

સ્વર્ગારોહણમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી

રાજુભાઇ જાની

સ્વર્ગારોહણના પવિત્ર તીર્થધામમાં ગુરુપૂર્ણિમા પર્વનિમિત્તે મુંબઇ, સુરત, કપૂરા, વડોદરા, અમદાવાદ, રાજકોટ, ભાવનગર અને મોરબી કેન્દ્રોમાંથી લગભગ ૧૨૫ જેટલા પૂ. શ્રી ગુરુદેવ પ્રભુ અને પૂ. શ્રી માના ભક્તો ઉપસ્થિત રહ્યા.

સ્વર્ગારોહણની પ્રભાતવંદના, પ્રણામ અને પ્રાર્થના પૂર્ણ થતાં ધ્યાનની બેઠકથી ગુરુપૂર્ણિમા પર્વનો પ્રારંભ થયો. કેસેટ પર ૩૦ મિનિટ ધ્યાન પછી સૌ ભક્તોએ આજના દિવસમાં અને આ તીર્થભૂમિપર પૂરા થઇ શકે તેવા નિયમો પોતાના નામ, કેન્દ્રના નામ અને લીધેલા નિયમોની વિગત એક કાગળ ઉપર નોંધી પૂ. ગુરુદેવપ્રભુ અને પૂ. શ્રી માના શ્રી ચરણોમાં વંદન કરી અર્પણ કર્યા. આ વ્યક્તિગત સાધના દરમ્યાન મૌન જાળવી સૌ પોતાના નિયમો પ્રમાણેની સાધનાઓમાં લાગી ગયા. નાના મોટા સૌ કોઇએ યથાશક્તિ નિયમો લઇ તે પૂર્ણ કર્યા.

યોગતીર્થના પાવન ધામમાં એક કલાક શ્રી ગુરુલીલામૃતના ચાર અધ્યાયોનું પારાયણ કર્યું ભોજનનો પ્રબંધ સ્વર્ગારોહણદ્વારા જ સૌ ભક્તો માટે કરવામાં આવેલો. બપોરે પછી યોગતીર્થમાં પ્રદક્ષિણા સાથે પૂ. શ્રી ગુરુદેવપ્રભુ અને પૂ. શ્રી માના મંત્રગાન સાથે પ્રદક્ષિણામાં પણ તમામ ભક્તો જોડાયા.

સાંજના ૪—૦૦ વાગ્યા પછી આજના દિવસે યથાશક્તિ સેવા આપવા શ્રમયજ્ઞમાં સૌ ભક્તો જોડાયા.

આજના કાર્યક્રમ દરમ્યાન પણ પૂ. શ્રી માએ છેલ્લા ત્રણે

વર્ષની પ્રસ્થાપિત કરેલ પ્રણાલિ અનુસાર ગુરુપૂર્ણિમા નિમિત્તે કોઇ પણ ભેટ ન સ્વીકારવાના નિયમનું ચુસ્ત પાલન કરવામાં આવ્યું. પરંતુ પૂ. શ્રી માએ આ પર્વની ગરિમા જળવાઇ રહે તે માટે જ સૌને સાધનાત્મક નિયમો લઇ તે પૂર્ણ કરી પ્રભુચરણે અર્પણ કરવાની એક નવી જ પરંપરા આ તીર્થમાં પ્રસ્થાપિત કરી છે.

જો કે પૂ. માની અનુપસ્થિતિનો અહેસાસ સર્વ ભક્તોને થતો હતો.

અપવિત્ર કે અસંયમીને કદી પ્રભુપ્રાપ્તિ થઇ શકતી નથી.
– યોગેશ્વરજી

ઘર : ૨૪૬૩૪૩૧ ઓફિસ : ૨૩૬૨૪૩૭
: ૨૪૮૦૪૨૮ : ૨૩૬૦૩૭૬

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–
કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, રાજકોટ–૩૬૦૦૦૨

'મા'વિના સૂનું 'સ્વર્ગારોહણ'

રાજીવ જાની

ફૂલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં,
માધવ...ક્યાંય નથી મધુવનમાં.

હું જ્યારે સાતમાં ધોરણમાં ભણતો ત્યારે એક કવિતાની આ પ્રથમ પંક્તિ હતી. એ પછી જ્યારે રામાનંદ સાગરની 'કૃષ્ણા' ધારાવાહિકમાં 'રાધાજી'ના વિરહનું દૃશ્ય જોયું ત્યારે એનો અર્થ સમજાયો. એ વખતના મધુવન જેવું જ આ વખતે 'મા'વિનાનું 'સ્વર્ગારોહણ' લાગ્યું. એ વખતે ગોપીઓ, ગોપ બાળકો તથા અન્ય જીવોની વ્યથા કેવી હશે? તેને અનુભવવાનો અવકાશ આ વખતે 'સ્વર્ગારોહણ'માં સાંપડ્યો.

હંમેશાં પ્રવૃત્તિ ને પ્રવૃત્તિથી ધમધમતું 'સ્વર્ગારોહણ' આજે શાંત અને નિરસ હતું. જાણે પ્રાણવિનાનું શરીર, જ્યોત-વિનાના દીપક અને ફોરમ વિનાના ફૂલ જેવી હાલત 'મા' વિનાના 'સ્વર્ગારોહણ'ની હતી.

'સ્વર્ગારોહણ'નું દરેક સ્થળ જાણે પૂ. 'મા'ના આગમનની પ્રતીક્ષામાં હોય તેવું જણાતું. પૂ. 'મા'ના આવાસના બંધ દ્વાર જોઇને હૃદયના ધબકારની ગતિ વધી જતી. હંમેશાં ભક્તોના સંતોષ ખાતર દરેકને 'મા' દર્શન ને સત્સંગનો લાભ આપતા. આવી ભક્તોને અપાતી મુલાકાતમાં ક્યારેક 'મા'ને પોતાના શ્રી વિગ્રહની જરૂરિયાતની પણ વિસ્મૃતિ થઇ જતી. એનું કારણ, 'સ્વર્ગારોહણ'માં કોઇના પણ મુખ પર અણગમા કે અસંતોષની એકપણ રેખા 'મા'ને હંમેશાં ખૂંચતી. એટલે જ તો

'સ્વર્ગારોહણ'નો અર્થ એટલે સંપૂર્ણ સંતોષ.

તન, મન, અને આત્માની શાંતિનો અનુભવ કરવો હોય તેણે તો 'સ્વર્ગારોહણ'ની મુલાકાત લેવી જ રહી. ન જાણે કેટકેટલાયે 'મા'ના જીવનમાંથી પ્રેરણા લઇ પોતાના જીવનને વધુ સુંદર બનાવવાના પ્રયત્ન કર્યા હશે! 'મા'ના જરૂરી સૂચનો અને આશીર્વચનો દ્વારા પોતાના જીવનને વધારે મઘમઘતું અને ઉન્નત બનાવવાના પ્રયત્નો કર્યા હશે! 'મા' ભલે પોતાની લૌકિક સાધના જપ, પ્રણામ, પ્રાર્થના ને ધ્યાનનો હિસાબ રાખતાં હોય, પરંતુ કેટલાયનાં જીવનમાં ક્રાંતિ કરી એને નવપલ્લવિત બનાવ્યું હશે એનો હિસાબ તો કદાચ 'મા' પાસે પણ નહીં જ હોય.

'સ્વર્ગારોહણ'માં આવતા દરેકનું 'મા' દરેક રીતે ધ્યાન રાખતાં. તનના સ્વાસ્થ્ય માટે વ્યાયામ અને આહાર નિયંત્રણ પર ભાર મૂકતાં. અને ભોજનખંડની નિયમાવલિમાં જરૂરી એવા ફેરફાર પણ કરાવતાં, તો ક્યારેક યુવાનોને ભાવે એ માટે સ્વાદિષ્ટ વ્યંજનો પણ બનાવડાવતાં. તો મનના સ્વાસ્થ્ય માટે સારું વાંચન અને સતત જાગૃતિ માટેના જરૂરી સૂચનો પણ કરતાં. દિવસની નિદ્રા લેનારા યુવાનોને પરિશ્રમનું મહત્ત્વ સમજાવતાં. મારા જેવા આળસુને પ્રમાદીને પણ 'મા' હંમેશાં કાર્યરત રાખતાં. ક્યારેક પરિશ્રમને કારણે કોઇકવાર નિદ્રાદેવી પ્રસન્ન બને તો તરત જ કોઇ સેવિકા સંદેશા સાથે હાજર થઇ જાય. પરંતુ ક્યારેક વિશ્રામ અનિવાર્ય જણાય તો પૂ. 'મા'ને જાણ કરી, મર્યાદિત સમય માટે, પરિશ્રમનું કારણ સમજાવી પ્રાર્થના ને આજ્ઞા દ્વારા વિશ્રામની પરવાનગી મેળવતો... હાસ્તો, સ્વરૂપ આગળ જ વળી...અને સમય પૂરો થતાં જ

કોઇક સંદેશા અથવા વિઘ્ન વડે આપણી સમય મર્યાદાનું ભાન કરાવતાં. છતાં...આજે એમની દિવ્યતા વિશે વાત કરવાનો જરાપણ વિચાર નથી. આજે તો એમનો પ્રેમ જ યાદ આવે છે. એમના એ પ્રેમ પ્રસંગોને સ્મરણપટ પર તાજા કરી 'મા'નું પરોક્ષ સાંનિધ્ય માણવું છે. ક્યારેક વિચાર આવે એવું તે શું છે? 'મા'માં? જેથી યુવાનોને 'મા'નું ઘેલું લાગે છે? બાળકો પણ પોતાના માતા–પિતા વગર 'મા' સાથે રહેવા તૈયાર થઇ જાય છે, તો વૃદ્ધો ને વડીલોને પણ એમના સાંનિધ્યમાં સ્વર્ગસુખનો આનંદ મળતો રહે છે. હું પણ એમની પ્રેમજાળમાં ફસાયેલો હોવા છતાં આનું રહસ્ય મારા માટે વણઉકેલ્યું જ રહેતું. ક્યારેક વિચાર આવતો કે શું વિપુલમાત્રામાં અપાતાં સૂકામેવા અને ચોકલેટ, બિસ્કિટનો પ્રસાદ એનું કારણ હશે''? પરંતુ સંપન્ન કુટુંબમાં તો આવી સામગ્રીની ભરમાળ રહેતી જ હોય છે. છતાં 'મા'ના સાંનિધ્યને દરેક અમુલ્ય લ્હાવો કેમ સમજતા હશે? પરંતુ આજે આ 'સ્વર્ગારોહણ'ને જોઇને થોડે ઘણે અંશે એ વણઉકેલ્યા રહસ્યની પ્રતીતિ થાય છે કે, આ તીર્થના તીર્થ-દેવતાની અનુપસ્થિતિથી આ તીર્થની હાલત દયનીય કેમ છે.

શાંત અને પવિત્ર વાતાવરણનો લાભ લઇ કેટલાટ સાધકો-એ અહીં ધ્યાન અને જપના સહારે મનની શાંતિ મેળવી હશે. પરંતુ આજે એ કુટિયા પોતે જ જાણે ધ્યાનમગ્ન બની ગઇ હોય એવું લાગ્યું.

પોતાના પ્રદક્ષિણાના નિયમને પૂર્ણ કરવા ને પોતાની શ્રદ્ધામાં અભિવૃદ્ધિ થાય તે માટે, પ્રાર્થનાના આધાર સાથે પ્રદ-ક્ષિણામાં મગ્ન રહેતાં ભક્તોનો આજે અભાવ હતો. આમ તો હું ક્યારેય પ્રદક્ષિણાનો નિયમ નથી લેતો. પરંતુ કુટિયાની

એકલતાનો વિચાર કરી, 'મા'ના આગમને એ એકલતાને દૂર કરવાની પ્રાર્થના સાથે ૧૧ પ્રદક્ષિણા પૂરી કરી. હું કુટિયાની અંદર પ્રવેશ્યો. પ્રવેશતાની સાથે જ એ સંકીર્તન, ધૂન અને મંત્રોચ્ચારની બેઠકોની યાદથી હૃદય ભરાઇ ગયું.

કુટિયાના પ્રાંગણમાં રાષ્ટ્રધ્વજ માટે ઉભા કરાયેલા સ્તંભને જોઇ, ૧૫ ઓગસ્ટના એ ધ્વજવંદનના કાર્યક્રમની યાદ આવી. રાષ્ટ્રભક્તિ અને દેશભક્તિનાં ગીતોથી હૃદયમાં દેશપ્રેમની લહેર ફરી વળતી. પૂ. 'મા' ની ઉપસ્થિતિમાં ગવાતું ભારતનું રાષ્ટ્રગીત, મારી પાસે અશ્રુની ખંડણી અવશ્ય મેળવતું.

એજ પ્રાંગણમાં કેટલીયવાર ગરબાની રમઝટ ને નૃત્ય સંકર્તનની મહેફીલ પણ જામતી.

'સ્વર્ગારોહણ'ના અંતિમ ભાગમાં છેક છેવાડે ઉભેલો પેલો ઓટલો...(કદાચ એના નિર્માણ પાછળનું કારણ વિચારશું તો એને સ્ટેજ તરીકે સંબોધવું વધારે યોગ્ય ગણાશે.) કેટકેટલા સત્કર્મોના મૂક સાક્ષી બનવાનું સૌભાગ્ય એને પ્રાપ્ત થયું છે! અવારનવાર વસ્ત્ર વિતરણ ને અન્ન વિતરણ, શાળાના ગરીબ વિદ્યાર્થીઓને તેમની જરૂરિયાત પ્રમાણે અપાતી દરેક સામગ્રી, જેવા અનેક સત્કર્મો એના વિશાળ પ્રાંગણમાં યોજાતા. યોગાસનની સ્પર્ધા હોય કે વિદ્યાર્થીઓનો વિવિધ કાર્યક્રમ...આવા અનેકવિધ કાર્યક્રમોની પૂર્વસંધ્યાએ થતી તડામાર તૈયારીઓ... અત્યારે જો એ સ્ટેજને વાચા આપવામાં આવે તો એનો પ્રથમ પ્રશ્ન એ જ હશે કે, ''ક્યારે આવશે આવા સત્કર્મોની વસંત મારા પ્રાંગણમાં ફરીવાર? પૂ. 'મા'ની ગેરહાજરીનો રંજ શું એને પણ ન હોય!

પૂ. માની હાથ જોડી પ્રણામ કરી દાન આપવાની પ્રણાલિ

પણ દાદ માંગી લે તેવી છે. દાન આપ્યાના અહમ્‌નો નાનો સરખો ઘસરકો પણ 'મા' ચલાવી લે તેમ નથી. જેમનું સમાજમાં આગવું સ્થાન હોય તેવા મહારથીઓને પણ દરિદ્રનારાયણને હાથ જોડી પ્રણામ કરતાં મે નિહાળ્યા છે. 'મા' ના મળ્યાં હોત તો આવી સમજની પૂર્તિ આપણામાં કોણ કરત? આપણી અંદર આધ્યાત્મિકતાની સાચી સમજ અને અંધશ્રદ્ધાથી અલિપ્ત રાખવાનું શ્રેય પૂ. શ્રીના એ અક્ષરદેહને ફાળે પણ જાય છે.

'સ્વર્ગારોહણ'ની વાત થતી હોય ત્યારે યોગતીર્થની અવગણના તો કેવી રીતે થઇ શકે? યોગતીર્થને સુંદર ને ઉત્કૃષ્ટ બનાવવાના કાર્યમાં થોડે ઘણે અંશે સહાયભૂત થવાનો લાભ 'મા'એ મને પણ આપ્યો છે. એને તો હું કેવી રીતે વિસરી શકું? યોગતીર્થને જીવંત બનાવવાના પ્રયાસરૂપે થતા 'મા'ના એ અથાગ પરિશ્રમને મેં નિહાળ્યો છે. એને સજીવન રાખવા માટે કારણભૂત પૂ. 'મા'ની એકમયતા અને તલ્લીનતાને માણી છે. પૂ. 'મા'ની કાર્યપ્રણાલિ, કાર્યક્ષમતા, એમની ચોક્સાઇ અને એ તલ્લીનતા, પૂ. શ્રી યોગેશ્વરજી પ્રભુ પ્રત્યેના પ્રેમ તથા સર્વ સમર્પણભાવની ચાડી ખાય છે. પૂ. 'મા'ની યોગતીર્થની દરેક મુલાકાત કંઇ ને કંઇ નવીનતાને નોતરૂં દે છે. અનેક પ્રયોગો અને ફેરબદલી કરી યોગ્ય વસ્તુ યથાસ્થાને ના ગોઠવાય ત્યાં સુધી 'મા' સંતોષનો શ્વાસ ના લેતાં. યોગતીર્થમાં પૂ. શ્રીની અવગણના કે અવહેલનાનો જરાપણ અવકાશ હોય તો તેને નાબુદ કર્યા વગર 'મા'ને ચેન ના પડતું. યોગતીર્થના દર્શન કરીએ ને 'મા'ની યાદ આવ્યા વગર કેવી રીતે રહે? 'મા'ને સતત કાર્યરત રહેતાં જોયાં છે. એ બધાં દશ્યો નજર સમક્ષ તરવરે છે. યોગતીર્થનાં સ્વરૂપો પણ 'મા'નો પ્રેમાળ

સ્પર્શ ઝંખતાં હોય એવું લાગ્યું. પૂ. 'મા'ની પ્રેમભરી કાળજી એમને પણ ગમે છે, અને હાલ એ કાળજીના અભાવને લીધે એ પૂ. 'મા'ના આગમન વિશે પૃચ્છા કરતાં જણાયાં. પરંતુ એ બાબતે મારે માટે નિરૂત્તર રહેવા સિવાય બીજો છૂટકો ન હતો.

યોગતીર્થની સુની અટારી પણ જાણે પ્રસાદના મહાથાળ સાથે 'મા'ના આગમનની રાહ જોતી હતી. કાજુ, બદામ ને ચોકલેટના પ્રસાદની છોળો વચ્ચે ભક્તજનોનો હર્ષોલ્લાસ આજે શાંત હતો. આ ગમગીનતાને જોઈને એક પ્રશ્ન જરૂર થાય છે. આપણા એ આનંદ ને ઉત્સાહને કોઈની નજર તો નહીં લાગી હોયને? મટકીફોડના એ કાર્યક્રમોની એમને ઈર્ષા તો નહિ થઈ હોયને?

યોગમંદિર હોલનો ઓટલો પણ અટૂલો લાગ્યો. આ ઓટલા પર ક્યારેક 'મા' ભક્તવૃંદ સંગાથે સત્સંગની બેઠક યોજતાં, તો ક્યારેક હાસ્યની રમઝટો પણ જામતી. Medical Campને Eye Campમાં દરિદ્રનારાયણોનું આશ્રયસ્થાન આ ઓટલો જ તો હતો. રોગપીડિત દરિદ્રનારાયણોએ આવા Camૅનો લાભ લઈ પોતાનું સ્વાસ્થ્ય ફરી પ્રાપ્ત કરી ચિકિત્સકો ને કાર્યકરોને કેટલા મૂક આશીર્વાદ આપ્યા હશે તેનો હિસાબ કોની પાસેથી મળે?

યોગમંદિર હોલના સ્વરૂપમાંના તીર્થ દેવતાઓ પણ જાણે ખડે પગે વિવિધતમ કાર્યક્રમોને માણવાની પ્રતીક્ષામાં હોય એવું લાગ્યું. કેટકેટલા પ્રણામ, પ્રાર્થના અને સત્સંગની બેઠકોના એ સાક્ષી બન્યા હશે! ક્યારેક કોઈનું સન્માન, તો કોઈનો વાર્તાલાપ, તો વળી વ્યાયામ ને સ્વાસ્થ્ય સુધારાની શિબિર પણ યોજાતી. પ્રોજેક્ટરના સુલભ્ય સાધનદ્વારા મોટા પડદા પર પૂ.

શ્રીના દર્શન અને પ્રવચન દ્વારા એમની અમૃતવાણીનો લાભ પણ મળતો. આ હોલમાં થતા વિવિધ કાર્યક્રમોમાં 'મા'ની સ્ટ્રક્ષ્ટૈષ્ઠ જીઙ્ગટ્ટી 'મા'ના મનનું દર્પણ બની રહેતી. 'મા' ક્યારેક સાવચેતીના સૂર સાથે જાગૃતિનું મહત્ત્વ સમજાવતાં, તો કોઈવાર શ્રદ્ધાને સહારે ફિકરની ફાકી કરી એના ભરોસે મદમસ્ત થઈને જીવનનો સંદેશો આપતાં. પોતે જ પોતાના ચોકીદાર બની પ્રલોભનોના પહાડ સામે તટસ્થ રહેવાનું બળ પૂરું પાડતાં.

આ હોલમાં થતાં વિવિધ કાર્યક્રમોથી રોમાંચિત થઈને અનેકનાં જીવન પરિવર્તિત થયાં હશે. એ વાત મારાથી વધારે સારી રીતે કોણ જાણી શકશે? આવી સત્સંગની ફળદાયી બેઠકોનું સરવૈયુ એટલે અમારા સૌનું અત્યારનું જીવન. 'મા' આપના સાંનિધ્યે આવા સત્સંગ ને કાર્યક્રમો આ હોલમાં યોજાય તે તો ઈચ્છવા યોગ્ય છે. એટલે જ આ 'સ્વર્ગારોહણ' ધરાના પોકારો સાંભળી એ ફરી ધમધમતું બને એની પ્રતીક્ષા અમે પણ કરી રહ્યા છીએ.

'સ્વર્ગારોહણ'ના બાળ ઉદ્યાનના હિંચકા પણ જાણે નિસ્તેજ બનીને કોઈ ભૂલ્યા ભટક્યા, પ્રસાદના પડીકા સાથે બાળકની રાહ જોતા જણાય છે. ન જાણે કેટલાય વખતથી એમને કોઈનો સ્પર્શ પણ મળ્યો નહીં હોય! ક્યાં છે એ ભૂલકાઓનો કિલ્લોલ?

તો વળી વર્ષાઋતુથી મઘમઘતા વાતાવરણમાં પણ મૂરઝાઈ ગયેલા ઝાડ અને છોડ પણ જાણે કહી રહ્યા છે કે, 'મા'ની અનુપસ્થિતિની અસરથી અમે પણ અસ્પૃશ્ય નથી જ.

અધૂરામાં 'સ્વર્ગારોહણ'ના સેવકોને પણ પૂ. 'મા'ની હાજરી સાલતી હતી. 'મા'ના વરદ હસ્તે અવારનવાર પ્રસાદનાં પડીકા-

ઓ, વસ્ત્રો અને મહાલક્ષ્મીનો પ્રસાદ એમને પ્રાપ્ત થતો. હંમેશા રમૂજભરી ટીખ્ખળ સાથે પ્રસન્નતાથી સ્વચ્છતાની સેવા આપી રહેલા એ સેવકોએ પણ ભગ્ન હૃદયે એ સેવાને તિલાંજલિ આપી.

જો કોઈએ 'સ્વર્ગારોહણ'નો સાથ નિભાવ્યો હોય તો તે હતા આપણા મેનેજર દંપતિ અને થોડા વૃદ્ધો જેમને એ પોતાનું લાગ્યું અને એને ધબકતું રાખવાના પ્રયાસરૂપે એના સ્વજન જેવાં પાડોશી દિલીપભાઈ, અવારનવાર એની મુલાકાત લેતા. પરંતુ એટલાથી તો એ ખુશ નહોતુ જ. સાચી વાત તો એ છે કે આપણે સૌ એ 'સ્વર્ગારોહણ'ના હૃદયને સમજવાની ક્ષમતા કેળવવાની જરૂર છે.

'સ્વર્ગારોહણ'ના દરેક સ્થાનની મુલાકાત વખતે પૂ. 'મા'-ના અવનવા સ્વરૂપોની ઝાંખી સ્મૃતિ પટ પર તાજી થઈ. અને જ્ઞાનની વાણીથી વિચારીએ તો લાગ્યું કે...

''મા'' ક્યાં નથી ''સ્વર્ગારોહણ''માં? 'સ્વર્ગારોહણ'ની રજે-રજમાં 'મા' પથરાયેલાં છે. પરંતુ ગોપીભાવે પ્રત્યક્ષતાનો દાવો કરનારની નજરે જોઈએ તો, દરેક સ્થાન ફરી વળ્યા પરંતુ...

''મા'' ક્યાંય નથી ''સ્વર્ગારોહણ''માં.

આજે આ નિસ્તેજ 'સ્વર્ગારોહણ'ને એના પ્રકાશદાતા 'મા સર્વેશ્વરી' અને એના તેજસમા એમના ભક્તવૃંદની જરૂર છે.

'મા' તમારી દિવ્યતા કે સમર્થતા વિશે કંઈ કહેવાનો પ્રયત્ન કરીશ તો વામણો પૂરવાર થઈશ. પરંતુ 'મા' સૂક્ષ્મસ્વરૂપે એક-વાર ડોકિયું કરી એની એકલતાના દર્શન તો કરી જૂઓ...'મા' છો... કદાચ તમને એની દયા આવી જાય.

○

રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

એ ભારે ઉત્તેજનાપૂર્વક બોલ્યો :

'દેવકીના બાળકરૂપે જે કોઈ જન્મે છે તે મારે હાથે યમસદનમાં પ્રવેશવા માટે જ જન્મે છે. આ બાળકનો જન્મ પણ એટલા માટે જ થયેલો છે એ હું હમણાં જ બતાવી આપું છું. જોઉં તો ખરો કે એ મારો નાશ કેવી રીતે કરે છે!'

કારાવાસમાં આવીને કંસે જ્યારે જોયું કે દેવકીની સોડમાં તો કન્યા સૂતી છે ત્યારે એના આશ્ચર્યનો પાર ના રહ્યો.

એને થયું કે આ કન્યામાં મારો નાશ કરવાની શક્તિ હોય એવું મને નથી લાગતું.

પરંતુ પાછો એનો વિચાર પલટાયો.

એને થયું કે આકાશવાણી જો વાસ્તવિક હોય તો દેવકીને પુત્રની પ્રાપ્તિ થઈ છે કે પુત્રીની એ જરી પણ મહત્વનું નથી. એને આઠમા સંતાનની પ્રાપ્તિ થઈ એ જ મહત્ત્વનું છે. એ સંતાન મારા જીવનને માટે કેવી રીતે ભયજનક બની જાય તે સંબંધી કશું જ ના કહી શકાય. માટે તે કોણ છે તેની વિશેષ ચિંતામાં પડ્યા વિના તેનો નિકાલ કરી નાખવો એ જ બરાબર છે.

એણે દેવકી અને વસુદેવને ઉદ્દેશીને વ્યંગાત્મક સ્વરે કહ્યું :

'આખરે મારો કાળ આવી પહોંચ્યો ખરો!'

'બિલકુલ નહિ.' દેવકી બોલી : 'એક નાનું બાળક તારો કાળ કેવી રીતે બની શકે?'

'અને એ પણ એક કન્યા?' વસુદેવે પણ પ્રશ્ન કર્યો.

કંસ અટ્ટહાસ કરીને કહેવા માંડ્યો :

'એનો અર્થ એમ કે તમારે આ કન્યાને બચાવવી છે. તમને જેટલી મારી ચિંતા નથી થતી એટલી આ કન્યાની થઇ રહી છે. પરંતુ હું તમારી જાળમાં નહિ ફસાઉં.'

'એમાં જાળમાં ફસાવાની વાત જ નથી.' દેવકી કરુણ સ્વરે કહેવા માંડી; 'આ નિર્દોષ કન્યાને જીવતી રહેવા દે તો સારું છે. એને માટે તને કાકલૂદીપૂર્વક પ્રાર્થના કરું છું. આ કન્યા તને કોઇ પણ જાતનું નુકસાન નથી કરે તેવી.'

'તે તો તું કહે છે એટલે ને? હું એને કેવી રીતે માની શકું? મારો નિરધાર તો મક્કમ અને અફર છે.'

'એટલે તું આ નાનીસરખી છોકરીનો પણ નાશ કરી નાખશે?'

'નાશ તો પેલી આકાશવીણી પ્રમાણે એ મારો કરવાની છે. હું તો મારી રક્ષાનો ઉપાય કરું છું.'

'આ કન્યાને તમારી પાસે સાચવી રાખો. એનું વર્તન ભવિષ્યમાં સહેજ પણ વિરોધી જણાય તો એને મારી નાખજો.' વસુદેવે વિનતિ કરી.

પરંતુ કંસ તરત જ બોલ્યો :

'આ બાબતમાં હું તમારી સલાહ પ્રમાણે નથી ચાલવાનો. મારું મનનું ધાર્યું કરવાનો છું.'

'હું સલાહ નથી આપતો. વિનતિ કરું છું.'

'મારે એ વિનતિ નથી સાંભળવી. બિલકુલ નહિ.'

કંસ ઝડપી પગલે આગળ વધ્યો.

દેવકીએ કન્યાને તેડી લીધી.

કંસે કન્યાને કઠોરતાપૂર્વક ખૂંચવી લઇને કહ્યું :

'કન્યાને તું મારા કરતાં પણ વિશેષ કીમતી સમજતી લાગે છે.'

'એવું કશું જ નથી. :

'તો પછી?'

'તું તારા સ્થાનમાં છે ને કન્યા કન્યાના.'

પરંતુ કંસનું કઠોર હૈયું જરા પણ ના હાલ્યું.

કારાવાસની જે વિશાળ સખત શિલા પર પછાડીને દેવકીના બધા જ પુત્રોને એણે મારી નાખેલા એ જ શિલા પર એણે એ કન્યાને જોરથી પછાડીને જણાવ્યું :

'દેવકી, જોઇ લે...આ તારી કન્યા મારો નાશ કરે છે કે હું એનો કરું છું!'

પરંતુ ત્યાં તો ભારે વિસ્મયકારક ઘટના બની.

કંસે કન્યાને શિલા પર પછાડી કે તરત જ એ કન્યા અવકાશમાં ઉપર ચઢીને બોલી :

'કંસ, તું મિથ્યાભિમાનથી મત્ત બન્યો છે પણ તારું મિથ્યાભિમાન માટીમાં મળવાનું છે. તારો કાળ તો સહીસલામત પ્રકટી ચૂક્યો છે. પેલી આકાશવાણી પ્રમાણે એ તારો અવશ્ય નાશ કરશે.'

(ક્રમશઃ)